હમ્દ બેઈસ્મેહી ત્આલા નાઅત

# ઈમાની નારલા

(ભાગ-૧)

-: સંપાદક :-


પીરઝાદા સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન કાદરી

મુ. રૂપાલ, વાયા બાવલા

જી. અહમદાબાદ.


-: પ્રકાશક :-


સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ, વાયા બાવલા

જી. અહમદાબાદ. પીન-૩૮૨ ૨૨૦.

કિતાબનું નામ :

# ઈમાની બારશા

(ભાગ-૧)

સંપાદક :

પીરઝાદા સૈયદ દાદામિયાં એસ. કાદરી

મુ. રૂપાલ વાયા-બાવલા

પીન : ૩૮૨ ૨૨૦.

પ્રકાશક :

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ વાયા બાવલા

પીનઃ ૩૮૨ ૨૨૦.

આવૃત્તિ પ્રથમ : પ્રત ૧૦૦૦

રમઝાન હિજરી ૧૪૧૮ જાન્યુ. ૧૯૯૮

**ખિદમત સિરિઝ નં.૨**

મુદ્રક : એટોઝ પ્રિન્ટર્સ

૨૩, જુમસન ચેમ્બર્સ, પથ્થરકૂવા,

અરબ મસ્જિદ પાછળ, અહમદાબાદ.

કિતાબનું નામ :

# ઈમાની બારલા

(ભાગ-૧)

સંપાદક :

પીરઝાદા સૈયદ દાદામિયાં એસ. કાદરી

મુ. રૂપાલ વાયા-બાવલા

પીન : ૩૮૨ ૨૨૦.

પ્રકાશક :

સુન્ની મુસ્લિમ ખિદમત કમિટી

મુ. રૂપાલ વાયા બાવલા

પીનઃ ૩૮૨ ૨૨૦.

આવૃત્તિ પ્રથમ : પ્રત ૧૦૦૦

રમઝાન હિજરી ૧૪૧૮ જાન્યુ. ૧૯૯૮

ખિદમત સિરિઝ નં.૨

મુદ્રક : એટોઝ પ્રિન્ટર્સ

૨૩, જુમસન ચેમ્બર્સ, પથ્થરકૂવા,

અરબ મસ્જિદ પાછળ, અહમદાબાદ.

૭૮૬/૯૨

# બે બોલ

## નહમદોહુ વનોસલ્લી અલા રસૂલેહીલ કરીમ

ગાઢ અંધકાર ભરી રાત્રીમાં એકલા અટુલા મુસાફરને આકાશે ટમટમતાં તારલા માર્ગદર્શકની ગરજ સારતા હોય છે. તેમ અહિયાં પણ કેટલાક એવા ઈમાની તારલા રજૂ કર્યા છે જે અજ્ઞાન રૂપી અંધકારમાં જ્ઞાનનો પ્રકાશ અને ઈમાનની રૌશની ફેલાવશે તેમાં કોઈ શક નથી.

આજે આપના કરકમળમાં જે ઈમાની તારલાનો નાનકડો સંગ્રહ શોભી રહ્યો છે તે અમારા રૂહાની રાહબર પીરે તરીકત **હઝરત સૈયદ દાદામિયાં એસ. કાદરી બાવા સાહેબ**ની કસાયેલી કલમથી લખાયેલા તે લેખો છે. જે તયબાહ જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતી પામેલ માસિક અખબાર અને અન્ય સામયિકોમાં પ્રસિદ્ધિ મેળવી લોકપ્રિયતા હાંસિલ કરી ચુકયા છે. હઝરત સૈયદ દાદામિયાં સાહેબ **'મુહિબ'**ના તખલ્લુસથી નાઅતીયા કલામ પણ લખે છે.

બફઝલે તઆલા અમારી કમિટી આ નાનકડી કિતાબ જે અમારી ખિદમત સિરિઝ નં.૨ છે તે રજૂ કરતા હર્ષ અને ગૌરવ અનુભવી રહી છે અને ભવિષ્યમાં ઈન્શા અલ્લાહ આવા જ લેખોનો બીજો સંગ્રહ ઈમાની તારલા ભાગ-૨નું પ્રકાશન કરવાની આશા રાખે છે. આ ઈમાની તારલાના પ્રકાશમાં સીરાતે મુસ્તકીમ દેખાય અને તેના પર ચાલવાની અમો સૌને તૌફિક નસીબ થાય એ જ દુઆ.

આપના પ્રતિભાવને જરૂર આવકારીશું. ઈન્શા અલ્લાહ.

- પ્રકાશક

# અજોડ નબી

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

*અઝ : જનાબ પીર સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન કાદરી (મુ. રૂપાલ)*

તેરે જમાલસે બઢકર, કોઈ જમાલ નહીં
તુ બે મિસાલ હૈ તેરી કોઈ મિસાલ નહીં

અલ્લાહના અંતિમ નબી, સકળ બ્રહ્માંડ કાજે દયાના સાગર, સદાય જીવંત, અપરંપાર કૃપાળુ, કાબાએ કૌસેનના પરિવાહક, સર્વોત્તમ સંસ્કારી, સર્વગુણ સંપન્ન, મહાન પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તફા (સલ્લલાહો અલયહે વસલ્લમ) વિષે કુર્આનમાં પોતે અલ્લાહ તઆલાએ સ્પષ્ટ જણાવી દીધું કે, સઘળા નબીઓ અને રસૂલોમાં મારા અંતિમ નબી સર્વાંગ સ્વરૂપમાં અને જીવન ચારિત્ર્યમાં સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે અને અનુપમ છે. તેમના જેવો ના કોઈ પહેલાં હતો. ના પછી થયો, ના કયામત સુધી થઈ શકશે.

ખુદા તઆલાનું ફરમાન છે : **"વરફઆ બા-અદહુમ દરજાત"**. અમોએ (તેમને તમામ દરજ્જાઓથી ઉચ્ચ દરજ્જો આપ્યો છે.) એટલે તેમની બરાબરી કોઇ રસૂલ કે નબી પણ નહી કરી શકે, તો માણસ (બશર)ની શી તાકાત કે તેમની બરાબરીનો દાવો કરે ?

**મરતબા દેખીયે ઉન્કી નાલૈનકા**
**અર્શ પર ભી નબીને ઉતારા નહીં**
**મત બશર અપને જેસા નબીકો કહો**
**બાત ઐસી ખુદાકો ગવારા નહીં**

આપણા આકા અને મૌલા મદની તાજદાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અજોડ નબી-બે મિસાલ નબી, હોવાની સાબિતી કુર્આનથી

તો સ્પષ્ટ મળી રહી છે. પરંતુ આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને આ નાશવંત જગતમાં પોતાની માથાની આંખોથી ઈમાનની હાલતમાં જોનારા સહાબાએ કિરામની ગવાહીઓ પણ જોઈએ.

નબીયે આઝમ, રસૂલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના માથાથી પગ સુધીના, પુરા શરીર મુબારકના વખાણ કર્યા પછી હઝરત શેરે ખુદા અલી (કર્રમલ્લાહો વજહહુ)એ ફરમાવ્યું કે, **"લમઅરા કબ્લહુ વલા બાઅદહુ મિસ્લોહુ"** (મેં આપના જેવો ના કોઈ પહેલાં જોયો, ના પછી જોયો) એટલું જ નહીં, આપે એમ પણ ફરમાવ્યું કે, જે વ્યકિત આપને જોશે, તે એમ કહેશે બલ્કે તેને કહેવું જ પડશે કે, ખરેખર ના મેં આપના જેવો પહેલાં કોઈ જોયો, ના પછી જોયો, મલતબ કે આપ ખરેખર અજોડ (બે મિસાલ) છે, બે નઝીર છે.

હઝરત બરાઅ ઈબ્ને આઝીબ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, **"મા રઅયતો શયઅન કતતો અહસના મિરરસૂલિલ્લાહે સલ્લલલાહો અલયહે વસલ્લમ"** (અર્થાત, મેં સમગ્ર સૃષ્ટિમાં કોઈ પણ વસ્તુ રસૂલુલ્લાહથી વધીને ખુબસૂરત જોઈ નથી. એટલે કે આપ અજોડ છે, બે નઝીર છે.)

હઝરત અબુ હુરૈરાહ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, "આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ચહેરા મુબારકની ચમક એવી હતી કે જાણે ચાંદ અને સુરજ આપના ચહેરા મુબારકની પ્રદક્ષિણા કરતા નજર આવતા હતા." બીજી જગ્યાએ એમ પણ ફરમાવ્યું કે, **"આપનું શરીર ચાંદીની જેમ ચમકતું હતું."**

હઝરત જાબીર (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, "મેં ચાંદની રાતમાં હુઝુરને જોયા છે. ક્યારે હું ચાંદને જોતો, ક્યારેક હુઝૂરના ચહેરાને જોતો, ત્યારે મને હુઝૂર ચાંદ કરતાં પણ વધારે ખુબસૂરત

નજર આવતા હતા."

હઝરત હસ્સાન (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, "મારી આંખોએ આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી વધારે કોઇ રૂપાળો જોયો જ નથી. આપથી વધારે સ્વરૂપવાન કોઇ સ્ત્રીએ જણ્યો જ નથી."

ઉમ્મુલ મોમેનીન હઝરત આઇશા સિદ્દીકા (રદિયલ્લાહો ત્આલા અન્હા) ફરમાવે છે કે, "હઝરત ઝુલેખાની બહેનપણીઓ હઝરત યુસુફ (અલયહિસ્સલામ)ના રૂપને જોઇને અંજાઇ ગઇ અને હાથમાં કાપવા આપેલા લીંબુના બદલે આંગળીઓ કાપી નાખી હતી. જો તેમણે મારા આકા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના રૂપને જોઇ લીધું હોત, તો તેમનાં દિલ કપાઇ જાત બેશક હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અજોડ છે, બે મિસાલ છે, બે નઝીર છે."

હઝરત અબૂ હુરૈરાહ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, "જ્યારે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સ્મિત (તબસ્સુમ) ફરમાવતા, ત્યારે આપના દાંત મુબારકની નુરાની રોશનીથી મકાનની દિવાલો ચમકી ઉઠતી હતી."

હઝરત આઇશા સિદ્દીકા (રદિયલ્લાહો તઆલા અન્હા) ફરમાવે છે કે, "આપના તેજસ્વી ચહેરા પર પરસેવાના ટીપાં મોતીની જેમ ચમકતાં હતાં અને તેની ખૂશ્બુ (સુગંધ) મુશ્ક (કસ્તુરી)થી વિશેષ હતી."

હઝરત અનસ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, "મેં કોઇ અંબર મુશ્ક અને કોઇપણ સુગંધીદાર વસ્તુ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી વધીને સુગંધીદાર જોઇ નથી." બીજી જગ્યાએ ફરમાવે છે કે, "મેં અત્યંત કિંમતી નરમ નરમ કપડાં જોયાં છે, પણ હુઝૂરના હાથ (દસ્ત મુબારક)થી વધીને નરમ અને ખૂશ્બુદાર હાથ

ક્યાંય જોયા નથી. જ્યારે કોઈ વ્યક્તિ આપનાથી હાથ મેળવતો (મુસાફો કરતો) તો તેના હાથ પણ આખો દિવસ સુગંધિત રહેતા." "આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની જીભ મુબારકની તો જેટલી તારીફ કરીએ તેટલી ઓછી છે. કારણ કે આપ જે બોલતા હતા તે તો વહીએ ખુદા જ હતી. આપ જે ફરમાવતા હતા એ પ્રમાણે જ થતું. જંગ (લડાઈ)ના એક પ્રસંગે સહાબાએ પાણીના ઝરા માટે એમ કહ્યું કે, આ તો બયસાન એટલે ખારા પાણીનો ઝરો છે. તો હુઝૂરે એમ ફરમાવ્યું કે, **બયસાન** નહીં, એ તો **નાઅમાન** એટલે મીઠા પાણીનો ઝરો છે. બસ આપનું એમ કહેવું જ હતું કે, ખારા પાણીનો ઝરો મીઠા પાણીનો ઝરો બની ગયો." હુઝૂરની જબાન મુબારક પણ બે મિસાલ-અજોડ છે. જે કહે તે થઈ જાય. આ'લા હઝરત ફરમાવે છે :

**વોહ ઝુબાં જીસ્કો, સબ કુન કી કુંજી કહે**
**ઉસ્કી નાફીઝ હુકુમત પે લાખોં સલામ**

જેમ આપની જબાન અજોડ છે તેમ આપની નઝર પણ અજોડ છે, બે મિસાલ છે, અનુપમ છે. હઝરત આઈશા સિદીકા (રદિયલાહો ત્આલા અન્હા) ફરમાવે છે કે, આપ જેમ આગળથી જોતા હતા, તેમ પાછળથી, પણ એવું જ જોતા હતા. આપ જેમ અજવાળામાં જોતા હતા તેમ અંધારામાં પણ એવું જ જોતા હતા. એટલે આપની નજર પણ અજોડ છે. આપના હાથ મુબારકના અનેક મોઅજેઝા કિતાબોમાં બયાન થયા છે. એક વખત જંગમાં પાણીની તંગી ઊભી થઈ. સહાબાઓએ હુઝૂરની સમક્ષ ફરિયાદ કરી. આપની પાસે એક મશકમાં થોડુંક પાણી હતું. આપે ફરમાવ્યું કે, જેને પાણીની જરૂર હોય, તે પોતપોતાનાં વાસણો લઈને આવે. દરેક જણ પોતાનાં પાણી ભરવાના સાધનો સાથે દોડી પડ્યા. આપ મશકના મોં પર પોતાની નુરાની મુબારક, ખૂશ્બુદાર

હાથ આડે રાખી મશક વાંકી વાળીને પાણી આપવા લાગ્યા. પાણીનો ધોધ વહેવા લાગ્યો. દરેક જરૂરતમંદે પોતાની જરૂરત જેટલું પાણી લઇ લીધું. વુઝૂ કરનારે વુઝૂ કરી લીધું, તહારત કરનારે તહારત કરી, પીનારે પી લીધું અને પોતપોતાના સાધનો ભરી લીધાં,. એક નાનકડી મશકે લગભગ પંદર સો માણસોને પાણી પૂરું પાડયું. જોનારા જોઇ રહ્યા હતા કે મશક તો ખાલી છે, પણ પાણી તો સરકારે દો જહાન(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની મુબારક આંગળીઓમાંથી ફુવારાની જેમ વહી રહ્યું હતું. મતલબ કે આપનો હાથ અને આંગળીઓ બંને બે મિસાલ છે-અજોડ છે.

હિજરત વખતે સોર નામની ગુફામાં હુઝૂરના જાંનિસાર સાથી હઝરત સિદ્દીકે અકબર (સલ્લલ્લાહો ત્આલા અન્હો)ને એક સાપે ડંખ દીધો હતો. તે વખતે હુઝૂરે પોતાનું થુંક (લુઆબ મુબારક) ડંસ પર ચોપડી દીધું. સાપનું ઝેર તરત જ ગાયબ થઇ ગયું. જંગે ખયબરમાં હઝરત અલી શેરેખુદા (કરમલ્લાહો વજહહુ)ની આંખો ખૂબ દુઃખતી હતી. તે વખતે પણ હુઝૂરે દુઃખતી આંખ પર પોતાનું થુંક લગાવી દીધું અને હઝરત અલીની આંખો સારી થઇ ગઇ હતી. એટલે કે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું થુંક મુબારક પણ અજોડ છે, બે મિસાલ છે, બે નઝીર છે.

આપણે જોઇ લીધું કે, આપનો ચહેરો ચાંદ અને સુરજ કરતાં પણ રોશન હતો. આપના દાંત મુબારકની ચમકથી મકાનની દિવાલો ચમકતી હતી. આપના પસીના (પરસેવા)માંથી મુશ્ક અને અંબર કરતાં પણ વધુ સારી ખુશ્બૂ મહેંકતી હતી. આપના હાથની આંગળીઓ પાણીના ઝરણાં બની જતી. આપના થુંકે સાપનું ઝેર ઉતારી દીધું હતું અને દુઃખતી આંખ મટાડી દીધી હતી. આપની જબાનથી જે બોલાય તે થઇ

જાય. બેશક આપણા આકા દરેક બાબતે બેજોડ છે, બે મિસાલ છે. આપના જેવો અલ્લાહે કોઈ બીજો પૈદા જ કર્યો નથી.

પ્યારા કાલી કમલીવાલા આ'કાની શાન જ નિરાલી છે. આપના જીસ્મ (શરીર)નો એક એક બાલ રસૂલ અને નબી હોવાની ગવાહી આપી રહ્યો છે. આપના જીસ્મની આ હાલત છે, તો આપના રૂહાની કમાલાત અને બુલંદ મકામાતનો અંદાજ કોણ લગાવી શકે ? સાચે જ ખાકના માનવીથી અલ્લાહના હબીબની તારીફ થઈ શકે તેમ નથી.

**લાયુમકેનુસ્સનાઓ કમા કાન હક્કહુ**
**બાદ ઝ ખુદા બુઝુર્ગ તુઈ કીસ્સા મુખ્તસર**

હુઝૂર સરકારે દો આલમ, તાજદારે અંબિયા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતે તો બે મિસાલ અને અજોડ છે જ. પરંતુ જે વસ્તુ કે વ્યકિત આપની સાથે સંબંધ ધરાવે છે, તે પણ અજોડ છે, બે મિશાલ છે, બેનઝીર છે.

(૧) આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પવિત્ર પત્નીઓ (ઉમ્મતની માતાઓ) વિશ્વની તમામ સ્ત્રીઓ કરતાં દરજ્જામાં સૌથી શ્રેષ્ઠ છે. કોઈપણ સ્ત્રી તેમની બરાબરીનો દાવો કરી શકતી નથી. મતલબ કે ઉમ્મુલ મોમેમીન પણ અજોડ છે. (૨) આપના સહાબાઓનો દરજ્જો પણ તમામ વલી, ગૌસ, કુતુબ અને અબ્દાલથી પણ ચઢીયાતો છે. ગમે તેવો મહાન વલી હુઝૂરના સહાબીની બરાબરી કરી શકતો નથી તે કારણે જ સહાબીઓ પણ અજોડ છે. (૩) આપના ઉપર જે કિતાબ નાઝિલ થઇ. (એટલે કુર્આને મજીદ) પણ તમામ કિતાબોથી અફઝલ અને આ'લા છે. કોઈપણ કિતાબ કુર્આન મજીદની બરાબરી કરી શકતી નથી. એટલે કુર્આન પણ અજોડ છે. (૪) આપ જે દીન-મઝહબ (ધર્મ) લાવ્યા તે ઈસ્લામ પણ દુનિયાના તમામ ધર્મો કરતાં

ઉચ્ચ અને શ્રેષ્ઠ હોવાથી તેની બરાબરી પણ કોઇ ધર્મ કરી શકતો નથી માટે ઈસ્લામ પણ અજોડ છે. (૫) આપની આલ એટલે આલે રસૂલ (સાદાતે કેરામ) આપની તમામ ઉમ્મતમાં સર્વોત્તમ છે. જેની પાકીનું વર્ણન કુર્આન કરી રહ્યું છે. એટલે આલે રસૂલ પણ અજોડ છે. (૬) આપની ઉમ્મત ઉમ્મતે મોહમ્મદીયાહ પણ બીજી તમામ ઉમ્મતો કરતાં મરતબામાં આગળ હોવાથી તે પણ અજોડ છે. (૭) આપનો ઝબ્બો અજોડ છે (૮) આપનો અમામો અજોડ છે. (૯) આપનો પાજામો અજોડ છે. (૧૦) આપની અંગુઠી અજોડ છે. (૧૧) આપની જૂતીઓ (નાલૈન) પણ અજોડ અને બેમિસાલ છે. કોની તાકાત કે હુઝૂરની નાલૈન (પગરખાં)ની બરાબરી કરે ? જ્યાં જીબ્રઈલ (અલયહિસ્સલામ) જઇ શકતા નથી. ત્યાં હુઝૂરની નાલૈન પહોંચી ગઇ. શબે મેઅરાજમાં હુઝૂર નાલૈન સાથે અર્શે ઈલાહીની સફર કરી આવ્યા.

**ના પહુંચે વહાં જીબ્રઈલે અમીં ભી**
**બુલંદ ઈસ કદર હે મકામે મોહમ્મદ**
**મર્તબા દેખીયે ઉન્કી નાલૈનકા**
**અર્શ પર ભી નબીને ઉતારા નહીં**

જે મહેબૂબે ખુદા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની જૂતીઓ (નાલૈન)ની બરાબરી કરવા માનવી અશક્ત અને અયોગ્ય હોય, તો તેની શી સિવાત કે ખુદ મેઅરાજના દુલ્હા, ખુદાના ઘરના મહેબુબ મહેમાન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની બરાબરીનો દાવો કોઇ કરી શકે ? અગર કોઇ પોતાની લાઇલ્મી-મૂર્ખતા તેમજ કમનસીબીના કારણે, આપને **"આપણા જેવા બશર"**ની માન્યતા ધરાવતો હોય તો, તેની મૂર્ખતા અને કમનસીબી ઉપર જેટલું માતમ કરીએ તેટલું ઓછું છે.

રહમતે આલમ, નુરેમુજસ્સમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બેશક અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. આપણું ઈમાન છે. આપણા આકા બશર છે, પણ આપણા જેવા નહીં. આપ તો એવા બશર છે, જેની આંગળીના ઈશારાથી ડૂબેલો સૂરજ બહાર નીકળી આવે, ચાંદના બે ટુકડા થઇ જાય. આપ તો એવા બશર કે મોઢું પાછું ફેરવ્યા સિવાય પાછળ પણ જોઈ શકતા હતા, પ્રકાશના કોઈ પણ સાધન વિના અંધકારમાં પણ જોઈ શકતા હતા. આપ એવા બશર કે જેમનું થુંક સાપના ઝેરને નષ્ટ કરી દેતું, દુઃખતી આંખોને મટાડી દેતું. આપ એવા બશર કે જેમની આંગળીઓથી પાણીનો ધોધ વહે અને પ્યાસાઓની પ્યાસ બુઝે. આપ તો એવા બશર કે જેમનો પરસેવો કસ્તુરી કરતાં પણ વધુ સુગંધીદાર, આપ તો એવા બશર કે જેમનો ચહેરો ચાંદ અને સુરજને શરમાવી દે. બેશક અલાહના આખરી રસૂલની બશરીયત પણ અજોડ અને બેમિસાલ છે, પરંતુ આપણા જેવા નહીં. આપ તો **ખયરૂલ બશર** છે આપ તો **અફઝલુલ બશર** છે. આપ તો **સૈય્યદુલ બશર** છે.

**જબસે દેખા હૈ, લિબાસે બશરમેં, તુમકો**
**હર ફરિશ્તેકી તમન્ના હૈ, કે ઇન્સાં હો જાયે**

સાચે જ આપ અજોડ છે, બે મિસાલ છે. આપણા આકાની હર અદા અજોડ છે. હર વાત અજોડ છે. સરાપા અજોડ નબી (સલલલાહો અલયહે વસલલમ) વિષે આ લેખમાં સહાબાએ કેરામની જે રિવાયતો રજુ કરી છે. તે મશહૂર કિતાબ **"શમાઈલે તિરમીઝી"** માંથી લીધી છે.

**મોહમ્મદકા ઉંચા, ના કયૂં હો મકામ**
**ખુદાકો હૈ પ્યારા મોહમ્મદકા નામ**
(સલ્લલાલહો અલયહે વસલલમ)

(તયબાહ ૧-૧૧-૮૯)

# સુન્નતે નબવી
## (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)
## અને
# વિજ્ઞાન

અઝ : પીર સૈયદ દાદામિયાં શમ્સુદીન કાદરી (મુ. રૂપાલ)

અલ્લાહ તઆલા કુર્આને મજીદમાં ઇરશાદ ફરમાવે છે કે, **"કુલ ઈન કુન તુમ તોહીબ્બુનલ્લાહ ફત્ત બેઊની યોહબીબ કુમુલ્લાહ"** (અર્થાત : હે મહેબુબ ! આપ ફરમાવી દો, કે જો તમો અલ્લાહથી મહોબ્બત રાખવાનો દાવો કરતા હોય, તો મારી ઇતાઅત (અનુસરણ) કરો. અલ્લાહ તમારાથી મહોબ્બત ફરમાવશે.)

(સુરા **આલે ઈમરાન** : રૂ. ૩)

ઉપરોકત આયતથી સ્પષ્ટ સાબિત થઈ ગયું, કે તેજ માણસ અલ્લાહથી મહોબ્બતના દાવામાં સાચો છે, જે અલ્લાહના પ્યારા હબીબ હુઝૂર પુરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી કરતો હોય અને ખુદા પણ તેને જ ચાહશે, જે હુઝૂરની પુરેપુરી તાબેદારી (અનુસરણ) કરતો હોય.

ખુદાના પ્યારા બનવા માટેની શર્ત એ છે કે ખુદાના પ્યારા રસૂલ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની 'ઈત્તેબા' તાબેદારી ફરમાબરદારી, અનુસરણ, અર્થાત આપની સુન્નતો પર પાબંદીથી અમલ કરે. ખુદાનો પ્યાર એટલે ખુદાની કૃપા-મહેરબાની-દયા તેના પર થાય છે, જે ખુદાના પ્યારા પયગમ્બર અંતિમ નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સુન્નતો પર અમલ કરે છે. સારાંશ એ કે રસૂલની સુન્નતો બંદા માટે ખુદાની રહેમતો છે. જ્યાં જ્યાં સુન્નતે

નબવી ઉપર અમલ થાય છે, ત્યાં ખુદાની અપાર રહેમતોની વર્ષા થાય છે. કારણ કે ખુદા તઆલાનો વાયદો છે કે મારા નબીની ઈતાઅત કરો. હું તમારાથી મહોબ્બત કરીશ. મહોબ્બતનો બીજો અર્થ મહેરબાની કે રહમત થાય છે.

અલ્લાહ તઆલાના મહાન પયગમ્બર રસૂલે કરીમ હઝરત અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના આદેશો અને આચરણને સુન્નત કહેવામાં આવે છે. આ સુન્નતોમાં બન્ને જહાનની ભલાઈઓ રહેલી છે. સુન્નતોમાં ફાયદાઓનું વર્ણન કરવા માટે તો એક ખાસ અલગ કિતાબ લખવી પડે. અત્રે માત્ર ચાર સુન્નતે નબવી રજુ કરૂં છું, આજે ૧૪૦૦ વર્ષ પછી પણ આજનું વિજ્ઞાન તેના ફાયદાઓનું સમર્થન કરે છે.

(૧) **બેસીને પાણી પીવું** અને ત્રણ શ્વાસથી પાણી પીવું સુન્નત છે. બેસીને પાણી પીવામાં અને ધીમે ધીમે પાણી પીવામાં તબીયતને એટલે આરોગ્યને ઘણા લાભ છે. ડોકટરોનું કહેવું છે, કે જે લોકો ઉભા ઉભા અને ઝડપથી ગડગડાટ પાણી પી જાય છે, તેમના આંતરડાં અને હોજરી નબળાં પડે છે. કારણ કે વારંવાર આવી રીતે ઝડપથી પાણી પીવાથી આંતરડાં અને હોજરીમાં પાણી ભટકાય છે. તે પાચન તંત્રને પણ નબળું કરે છે. પરંતુ બેસીને પાણી પીવાથી આમ થતું નથી. વળી ધીમે ધીમે ત્રણ શ્વાસથી, પાણી પીવાથી તરસ મટે છે. આંતરડાં કે હોજરીમાં પાણી ધીમે ધીમે જવાથી, પાચન તંત્રને લાભ થાય છે. આજે ૧૪૦૦ વર્ષ પછી વિજ્ઞાનને પણ સ્વીકારવુ પડયું કે ખરેખર પયગમ્બરે ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની આ સુન્નત દરેક માનવ માત્રને માટે હિતાવહ છે.

(૨) **જમતા પહેલાં હાથ ધોવા અને હાથ લુછયા સિવાય,**

**ભીના હાથે ભોજન જમવામાં આરોગ્યની સલામતીનું રહસ્ય :** હુઝૂર તાજદારે મદીના (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સુન્નત એ છે કે જમતા પહેલા બન્ને હાથ ધોઈ નાખો અને તે હાથોને કપડાંથી લુછ્યા સિવાય ભીના હાથે જ જમવું જોઈએ. ભીના હાથે જમવા પાછળનું કારણ એ છે કે, કોઇ પણ કપડું ગમે તેટલું સારૂં હોય, તો પણ તેના પર રહેલા સુક્ષ્મ જીવાણુંઓ આપણે નરી આંખે જોઇ શકતા નથી. એવા કોઈ પણ રૂમાલ કે ટુવાલથી હાથ લૂછીએ, તો રૂમાલ કે ટુવાલ પર રહેલા જંતુઓ-કીટાણુંઓ, આપણા હાથ ઉપર ચોંટે અને ભોજન સાથે તે પણ આપણા પેટમાં જાય. પછી આપણે જાત જાતના રોગના શિકાર બનીએ. માટે જ આપણા આકા અને મૌલા સૈયદુલ અંબિયાએ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જે તરીકો આપણને શિખવાડયો, તેમાં બેશક ફાયદો જ ફાયદો અને માનવ જાતનું કલ્યાણ જ રહેલું છે. આજે ૧૪૦૦ વર્ષ પછી, સર્જન ડોકટરો હુઝૂરની (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ સુન્નતને પોતાના ઓપરેશન થીયેટરમાં અપનાવી રહ્યા છે. એક ડોકટર દર્દીના ઓપરેશન પહેલાં, બન્ને હાથ જંતુનાશક દવાથી ધોઇ નાખ્યા પછી, તે હાથને કોરા ન કર્યા. ફકત ભીના હાથેજ શસ્ત્રો પકડી વાઢકાપ વિધિ પતાવી. તેમણે કહ્યું કે અમારી પ્રથા ઈસ્લામના મહાન પયગમ્બર સાહબેની ભેટ છે. જેમ જમતા પહેલાં હાથ ધોઇને ભીના હાથે જમવું જોઈએ, તેમ ઓપરેશન પણ ભીના હાથે કરવામાંજ દર્દીની સલામતી છે. તેનું કારણ પણ એજ દર્શાવ્યું કે, હાથ લુછી નાખવાથી રૂમાલ પરના જંતુઓ ફરી હાથ પર ચોંટે, તો રોગ દર્દીને લાગે. માટે દરેક માણસે આ સુન્નતને અપનાવવી હિતાવહ છે. સાચેજ રસૂલની સુન્નત એ ખુદાની રહેમત છે. બીજો મુદ્દો એ પણ જાણવા મલ્યો કે જે જંતુઓ નરી આંખે જોઇ શકાતી નથી, જેને જોવા માટે

યંત્રની જરૂર પડે તેવા અતિ સુક્ષ્મ જીવાણુંઓ, આજથી ૧૪૦૦ વર્ષ પહેલાં મારા આકા રહમતે આલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) વગર યંત્રે જોયા હતા. સુબ્હાનલ્લાહ ! સુબ્હાનલ્લાહ ! સાચે જ મારા આકાની આંખો, બશરની આંખો નહીં એક નબીની આંખો હતી. જે વગર યંત્રે પણ સુક્ષ્મમાં સુક્ષ્મ વસ્તુને જોઈ શકતી હતી. સાચેજ તેમની પૈરવી-અનુસરણમાં જ મનુષ્યની ભલાઇ રહેલી છે.

**(૩) ઈસ્તીંજામાં ઢેલાનો ઉપયોગ કરવો :** પેશાબ કે જાજરૂ કર્યા પછી ઢેલા (માટી કે ઈંટનું ઢેકું) થી પ્રથમ પેશાબ કે જાજરૂની જગ્યાને લુછી નાખ્યા પછી, પાણીથી હાથ વડે તેજ જગ્યાને ફરીવાર ધોવાની ક્રિયા સુન્નત તરીકામાં શામેલ છે. પેશાબ અને ઝાડામાં સુક્ષ્મ જીવાણુંઓ રહેલા હોય છે. જો ઢેલો લીધા વિના, હાથથી સીધાજ આ ગંદકી ધોવાથી ગંદકી પ્રથમ આપણા હાથને ચોંટે છે. જોકે પછી પાણીથી જે તે જગ્યા ધોઈને સાફ કરવાથી, હાથને ગંદકી અડવાનો સવાલ ઉભો જ થતો નથી. આજે ૧૪૦૦ વર્ષ પછી જંતુનાશક સાબુ વડે હાથ ધોવા જોઈએ. માણસના આરોગ્ય માટે તે હિતાવહ છે. જરા વિચાર કરો કે સુન્નતે નબવીએ આ બાબત ને ૧૪૦૦ વર્ષ પહેલાં સમજાવી દીધી છે. સાચે જ આપણા આકા અને મૌલા સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સુન્નતોમાં ફકત ફાયદો જ ફાયદો રહેલો છે. માનવ માત્રે આપની સુન્નતો અપનાવવી દરેક રીતે કલ્યાણ કારી છે. વિજ્ઞાન પણ તેનું સમર્થન કરે છે.

**(૪) વુઝુ કરતી વખતે નાકમાં પાણી નાખવાની સુન્નતનો લાભ :** એક વખત એક મુસ્લિમ બિરાદર માથાના દુઃખાવાનો ઈલાજ કરાવવા એક નિષ્ણાત તબીબની સેવામાં હાજર થયા. ડોકટરે તેમને બરાબર તપાસ્યા અને કહ્યું કે માથાના દુઃખાવાના મુખ્ય ચાર કારણો

છે. (૧) તાવ (૨) શરદી (૩) કબજીયાત (૪) આંખે ચશ્મા આવવા આ ચારે કારણો પૈકી કોઇ પણ કારણ તમારામાં નથી એટલે માથું દુખવાનું કારણ તમારા માટે જુદું જ છે. ડોકટરે તેમના નાક, કાન પણ તપાસી જોયાં. તપાસીને જોયા પછી એક બિન મુસ્લિમ ડોકટરે, આ મુસ્લિમ દર્દીને કહ્યું કે, તમારા માથાના દુઃખાવાનું મુળ કારણ, એ છે કે તમે પાંચ ટાઈમની નમાઝ નથી પઢતા. જો તમે પાંચ ટાઈમની નમાઝ પઢો, તો આ દુઃખાવો રહે જ નહીં. કારણ કે મેં જોયું કે તમારા નાકમાં, છેક ઉપરની બાજુ નાની નાની ફોલ્લીઓ થઇ છે તે કારણે તમને માથું દુઃખે છે. જો તમે નમાઝ પઢો, તો નમાઝ પઢતા પહેલાં વુઝુ કરો. વુઝુમાં તમે નાકમાં પાણી નાખો, તો પાંચ વખતના વુઝુમાં ત્રણ વખત પાણી નાખો, તો પાંચ વખતના વુઝુમાં, પંદર વખત નાકમાં પાણી નાખી, નાક સાફ કરો. જે માણસ દિવસમાં પંદર વખત પાણીથી નાક સાફ કરે, તેને આવી ફોલ્લીઓ થાય જ નહીં. ફોલ્લીઓ ના થાય તો માથું ના દુઃખે. માટે હું કહું છું કે તમે નમાઝ નથી પઢતા, એટલે જ આ માથાનો દુઃખાવો લઈને ફરો છો. વાહ ! એક ગૈર મુસ્લિમ પણ વુઝુની સુન્નતનો ફાયદો શું છે, તે સમજી શકે છે. સુબ્હાનલ્લાહ ! બેશક નબીની સુન્નત ખુદાની અપાર રહેમત છે. તેમાં બે મત નથી. મદની તાજદારની સુન્નતોના ફાયદા જગ જાહેર અને સર્વ માન્ય થઇ ચુકયા છે. તેમ છતાં આજે આપણે સુન્નત તરીકાઓને છોડીને ગૈર કૌમના તરીકાઓ પર અમલ કરી, સમય, પૈસો તેમજ આપણી તંદુરસ્તીનો બગાડ કરી રહયા છીએ. અલ્લાહની રહમત, અલ્લાહની કૃપા, તેનો પ્રેમ અને તેની દયા, તે મોમિન પર થાય છે, જે અલ્લાહના પ્યારા રસૂલની સુન્નતો પર ચાલે છે. ઉઠતાં, બેસતાં, ચાલતાં, હરતાં, ફરતાં, ખાતાં પીતાં, દરેક બાબતમાં સુન્નતોને અપનાવી બન્ને જહાનની ભલાઈઓ હાંસિલ કરવાનો સમય

પાકી ગયો છે. કારણ કે ખુદા પણ તેનો છે, જે નબીનો પ્યારો બની જાય છે.

**વોહ ખુદાકા નહીં હોતા, ખુદા ઉસ્કા નહીં હોતા**
**જીસે આતા નહીં હોના, તુમ્હારા યા રસૂલલ્લાહ !**

• • •

**યે ખુદાને કહા હૈ નબી કે લીએ**
**જો તુમ્હારા નહીં વોહ હમારા નહીં**
*(તયબાહ-૧-૧૨-૯૪)*

*(સંપૂર્ણ)*

---

**યા નબી યેહ ઝિક્ર બહેરોબરમેં હંય**
**આજ મહેમાની ખુદાકે ઘરમેં હંય**

***હુઝૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો અનુપમ મોઅજેઝો :***

# મેઅરાજ

શબે મેઅરાજ (૨૭મી રજ્જબની રાત)માં અલ્લાહના પ્યારા અર્શના મોઘેરા મહેમાન નબીઓના તાજદાર હુઝૂર પૂરનૂર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અલ્લાહ તઆલાના દિદાર (દર્શન) ચર્મચક્ષુ (માથાની આંખો)થી અને હ્રદયચક્ષુ (દિલની આંખો)થી એક સાથે કર્યા. ચર્મચક્ષુ (માથાની આંખો)થી ખુદાના દિદારનો લ્હાવો બીજા કોઇ નબી કે રસૂલને મળ્યો નથી.

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિયલ્લાહો અન્હો)થી રિવાયત છે કે, આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) અલ્લાહ તઆલાના દિદાર (દર્શન) ચર્મચક્ષુ અને હ્રદયચક્ષુ (દવ્યચક્ષુ) બંનેથી કર્યા જે આપની ખાસ ખસુસીયત (વિશિષ્ટતા) બતાવે છે. (હવાલા તીબરાની)

મેઅરાજના બનાવનું વર્ણન કુર્આનેપાકમાં હરમ (કાબા શરીફ)થી મસ્જિદે અકસા (કિબ્લએ અવ્વલ)ની મુસાફરી સાબિત છે. આજ સુધીના તમામ બુઝૂર્ગોએ એ જ અકીદો પણ રાખ્યો છે કે આપની મેઅરાજ જાગૃત અવસ્થામાં અને પવિત્ર દેહ સાથે થઇ છે.

મસ્જિદે અકસામાં તમામ નબીઓનું આપ સલ્લલલાહો અલયહે વસલ્લમની ઇમામતમાં નમાઝ પઢવું સહીહ હદીસોથી સાબિત છે. આ મહાન દરજ્જો અને સન્માન બીજા કોઇને પણ પ્રાપ્ત થયો નથી.

**દરાં મસ્જિદે ઈમામે અંબીયા શુદ**
**શફે પેશાનીયારાં પેશવા શુદ**

સહીહ હદીસોથી સાબિત છે કે આપે સાત આકાશનો પ્રવાસ કર્યો. દરેક નબીની મુલાકાત કરી હઝરત જીબ્રઇલ અલયહિસ્સલામ સિદ્રતુલ મુનતહા પર રોકાઇ ગયા આપ ત્યાંથી આગળ ગયાં જ્યાં કોઇ નબી હજુ સુધી નથી ગયા. આપ અર્શે મોઅલ્લા પર પહોંચ્યા અલ્લાહ તઆલાના દિદારની દૌલતથી માલામાલ થયા. ખુદાવંદ કરીમથી ઘણી બધી રાઝ-રહસ્યની વાતો કરી. નમાઝનો અનમોલ તોહફો લઇને પળવારમાં મેઅરાજના દુલ્હા ધરતી પર પાછા તશરીફ લાવ્યા. આ આપનો અનુપમ મોઅજેઝો હતો. ઇમાનવાળાઓ માટે ઇમાનની કસોટી હતી અને અલ્લાહના પ્યારા હબીબની મહાન શાન હતી.

**ઉમ્મતે આસીકો બખ્શીશકા કિયા હકસે સવાલ**
**હે કહાં કૌનેનમેં મેરે પયગમ્બરકા જવાબ.**

*- અઝ પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી*

(પયગામ, ૭-૧૨-૯૪) *(મુ. રૂપાલ)*

# શબે અસરાની ભેટ : નમાઝ

## વ્હાલા ઈમાની રિશ્તેદારો.... અસ્સલામો અલયકુમ

ઈસ્લામ ધર્મના મુખ્ય પાંચ અહેકામો પૈકીનો સૌથી વધુ મહત્વ ધરાવતો અને ઇસ્લામની ઓળખ અને પોતાની આગવી પ્રતિભા ધરાવતો અહેકામ અને અરકાને ઈસ્લામ નમાઝની આન-બાન અને શાન નિરાલી છે. નમાઝ એ ખુદા તઆલાની બંદગી કરવાની એક ખાસ રીત છે જે અન્ય કોઇ મઝહબની ઈબાદત સાથે જરા પણ મળતી નથી. એટલે કે અલ્લાહના મહાન રસૂલ મેહેરાજના દુલ્હા, અલ્લાહની બારગાહના મોંઘેરા મહેમાન હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું કે, ઈસ્લામ અને કુફ્ર વચ્ચે તફાવત પાડનાર વસ્તુ નમાઝ છે. રોઝા-એ ઉપવાસથી મળતી બંદગી છે. હજ્જ એ યાત્રા કે જાત્રાથી મળતી ઈબાદત છે. ઝકાત એ દાન સાથે મળતી આવતી ઈબાદત છે. ઝિક્ર અને તસ્બીહનું પઢવું પણ અન્ય ધર્મના લોકો માળા જપતા હોય છે તે સાથે સરખાપણું ધરાવે છે જ્યારે ફકત નમાઝ જ એક એવી અજોડ અને અનુપમ બંદગી છે. જે ઈસ્લામ સિવાયના બીજા કોઈપણ ધર્મ સાથે જરા પણ મળતી જ નથી.

નમાઝનું મહત્વ ખુદ અલ્લાહ તઆલાના નજીક પણ ખૂબ છે. એટલે જ તો કલામે રબ્બાની કુર્આને મજીદમાં લગભગ ૭૦૦થી વધુ જગ્યાએ નમાઝનો ઝિક્ર કર્યો છે. નમાઝ દીન (મઝહબ)નો સ્તંભ છે. અલ્લાહના પ્યારા હબીબ બંને જહાનના સરદાર આકા વ મૌલા રસૂલે આઝમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની આંખોની ઠંડક છે. નમાઝનો મુન્કર કાફીર છે અને નહીં પઢનાર સખ્ત ગુનેહગાર છે. અઝાબનો હકદાર છે.

નમાઝ સર્વે ઈબાદતોનો સંગ્રહ છે. નમાઝ પઢનાર વ્યકિતને ઈસ્લામના પાંચેય અરકાન કલ્મા, નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાતનો સવાબ મળે છે. નમાઝની હાલતમાં ખાવા પીવાની મનાઈ છે. એટલે જ્યાં સુધી માણસ નમાઝની સ્થિતિમાં હોય ત્યાં સુધી રોઝદારની જેમ ખાવા પીવાથી બચતો રહે છે. એટલે રોઝાના સવાબનો હકદાર બને છે. નમાઝમાં હજ્જનો સવાબ પણ સામીલ છે. હજ્જમાં હાજી બયતુલ્લાહ શરીફમા હાજરી આપે છે. નમાઝમાં બયતુલ્લાહ તરફ મોં કરવું એ જ ભાવાર્થ ધરાવે છે. એટલે નમાઝીને હજ્જનો સવાબ પણ મળે છે. નમાઝમાં ઝકાતનો સવાબ પણ મળે છે. ઝકાત આપવાથી માલ પાક સાફ થાય છે. ઝકાત આપનારના ગુનાહ માફ થાય છે. તેમ નમાઝી જ્યારે નમાઝની નિય્યત કરીને ખુદા સમક્ષ ઉભો થઈ જાય છે ત્યારે તેના માથા પર તમામ ગુનાહ મુકી દેવામાં આવે છે. જ્યારે તે રૂકુઅ કરે છે ત્યારે તેના તમામ ગુનાહ પડી જાય છે અને જ્યારે તે નમાઝથી ફારીગ થાય છે ત્યારે તમામ ગુનાહથી પાક થઈ જાય છે. જેમ ઝકાત આપવાથી માલ પાક થઈ જાય છે. એટલે નમાઝ એક એવી સંપૂર્ણ ઈબાદત છે. જેની જોડ શોધવી અશક્ય છે. માટે જ ખુદા અને તેના રસુલની બારગાહમાં નમાઝનો મર્તબો બુલંદ છે.

નમાઝમાં અલ્લાહના પ્યારા હબીબ હુઝૂર પૂરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું મુબારક નામ અહમદનો નકશો જોઈ શકાય છે. અહમદ શબ્દમાં ચાર અક્ષર છે. (૧) અલીફ (૨) હે (૩) મીમ (૪) દાલ.

નમાઝના અરકાનમાં ચાર અવસ્થામાં અગત્યનો છે. (૧) કિયામ (૨) રૂકુઅ (૩) સિજદા (૪) કાયદા.

કિયામની શકલ અલીફ જેવી છે. રૂકુઅની શકલ હે જેવી છે.

સિજદાની શકલ મીમ જેવી છે અને કાયદાની શકલ દાલ જેવી છે. આમ પૂરી નમાઝમાં અહમદનો નકશો છુપાયેલો છે. અલ્લાહના રસૂલના આશીકો માટે આ નુકતો ખૂબ આનંદ પહોંચાડનારી બાબત છે. માટે જો નમાઝમાં અહમદ હોય અને અહમદની આંખોની ઠંડક નમાઝમાં હોય તો નમાઝ આશીકે રસુલ કઈ રીતે છોડી શકે ? માટે અય શમ્એ રિસાલતના પરવાનાઓ નમાઝની અદાયગીમાં જરા પણ કચાસ રાખશો નહીં અગર નમાઝની પાબંદી નથી કરી તો હુઝૂરની મહોબ્બતનો દાવો જુઠો ઠરશે. કયામતના દિવસે સૌથી પ્રથમ સવાલ નમાઝનો થશે. હઝરત મુજદીદ અલ્ફેસાની રહેમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે, કયામતમાં સવાલ અને હિસાબ શરીઅત વિષે થશે. તસવ્વુફ કે તરીકત વિશે નહીં માટે શરીઅતની પાબંદી જ જરૂરી અને લાઝમી છે.

નમાઝ જેવી અનમોલ નેઅમત અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા મહેબૂબ નબીઓના સરદાર મેઅરાજના દુલ્હા રહેમતે આલમ હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સલ્લલલાહો અલયહે વસલ્લમ)ને આસમાનોની સૈર કરાવી, અર્શ પર બોલાવી, રાઝ અને રહસ્યની વાતો કહી આપની ઉમ્મતને દિવસમાં પાંચ વાર નમાઝ પઢવી ફર્ઝ ઠેરવી અને આ મહાન અવકાશી મુલાકાત એટલે મેઅરાજ જે બીજા કોઈ પયગમ્બરને નથી થઈ તેવી અનમોલ મુલાકાતનો તોહફો-ભેટ નમાઝ અર્પણ કરી જે મોમીનો માટે મેઅરાજુલ મોમેનીન કહેવાય છે. જે શબે અસરા (મેઅરાજ)ની મહાન ભેટ છે. અલાહ તઆલા દરેક મુસલમાનને સાચો અને પાકો નમાઝી બનાવે અમારી પેશાનીઓમાં સિજદા કરવાની તળપ પૈદા કરે આમીન બહકકે તાહા વ યાસીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)

*અઝ : પીરઝાદા સૈયદ દાદામિયાં શમસુદિન કાદરી (રૂપાલવાલા)*

(પયગામ-તા.૧૫-૧૨-૯૩)

# શખ્સ એક, અવસાફ અનેક

*અઝ : પીર સૈયદ દાદામીયાં એસ. કાદરી (રૂપાલ)*

**ખુદાને એક મુહમ્મદમેં, દે દીયા સબ કુછ**
**કરીમકા કરમ, બેહિસાબ કયા કહેના**

વ્યક્તિ એક જ હોય અને સર્વગુણ સંપન્ન હોય એવું તો ત્યારે જ બને કે જે ખુદા તરફથી તેની મહેબુબીયતનો તાજ પહેરીને આવ્યો હોય, આ નાશવંત જગતમાં ઘણા મહાન વિદ્વાનો થયા, ઘણા હાકેમો થયા. પણ કોઇ હાકેમ વિદ્વાન એવો થયો નથી, જે સર્વ ગુણોનો માલિક હોય. ડોકટરી લાઇનમાં જોઇએ તો દરેક રોગનો સંપૂર્ણ નિષ્ણાત એક હોતો નથી. આંખનો, હૃદયનો, હાડકાનો, મગજનો, દરેકનો નિષ્ણાત જુદો જુદો હોય છે. વકીલાતમાં જોઇએ તો ફોજદારી વકીલ, દીવાની વકીલ, ઇન્કમટેક્ષના વકીલ, દરેક વિષયના નિષ્ણાત અલગ અલગ મળે છે. પ્રોફેસર વિભાગમાં જોઇએ, તો આર્ટસના પ્રોફેસર, કોમર્સના પ્રોફેસર, સાયન્સના પ્રોફેસર, પણ નોંખા નોંખા હોય છે. આમ આ જગતમાં કોઇપણ કલા કારીગરી કે સાહિત્ય હોય, પરંતુ દરેક વિષયમાં સંપૂર્ણ નિષ્ણાત એક વ્યકિત શોધવી અશકય બની જાય છે. પરંતુ ઇમાન અને અકીદતની નજરથી, મોહબ્બત અને ઇશ્કની દૌલતને સાથે રાખીને, મોમીન અગર તલાશ શરૂ કરે તો આ ધરતી પર જ એક એવી અઝીમુશ્શાન શખ્સીયત નજરે પડશે જેના માટે આશિકો કહે છે કે,

**હુસ્ને યુસુફ, દમે ઇસા, યદે બૈઝા દારી**
**આંચે ખુબાં હમા દારંદ, તુ તન્હા દારી**

આજે એ મુકદસ હસ્તીની વાત કરવી છે, જે સમગ્ર સુષ્ટિ માટે દયાના સાગર અને સફળ બ્રહ્માંડ કાજે કૃપા (રહમત) બનીને આવ્યા. આજે તારીફ તેની કરવી છે, જેના દરબારમાં સૂર્ય તેજની ભીખ માગે છે, જેની બારગાહમાં ચંદ્ર સવાલી બનીને હાજર થાય છે. આકાશના તારલાઓ જેના ઓવારણાં લઈ રહ્યાં છે. હુરે ગીલ્મા જેના દર્શનના તરસ્યા છે, અર્શે મુઅલ્લા જેના આગમનની પ્રતીક્ષા કરતો હતો, જેના પ્રસ્વેદની સુગંધ પુષ્પોમાં મહેંકી રહી છે, જેના ચહેરાનું હાસ્ય કલીઓમાં છુપાયેલું છે, જેના પગની ચરણરજને શહેનશાહોએ પોતાના માથાનો તાજ બનાવ્યો, એ મહા પ્રતાપી, અલ્લાહના અંતિમ અને વ્હાલા નબીની પાસે રહીને હઝરત અબુબકર, સિદીકે અકબર બની ગયા, હઝરત ઉમર ફારૂક આઝમ બની ગયા, હઝરત ઉસ્માન 'ગની' બની ગયા, હઝરત અલી, શેરે ખુદા બની ગયા.

જેણે જે મેળવ્યું તે બારગાહે રસૂલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી મેળવ્યું. અલ્લાહ તઆલા નેઅમતોનો માલિક છે. તેના પ્યારા રસૂલ કાસીમ (વહેંચનારા) છે. ખુદાના ખજાનમાં દરેક નેઅમત રહેલી છે. તેનાં વહેંચનારા આપણા આકા મદીના તાજદાર રસૂલે આઝમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) છે. માંગનાર હંમેશા વહેંચનારની પાસે માગે છે.

દા.ત. અહમદભાઈએ મીલાદુન્નબીની મહેફિલ મનાવી, પોતાના ખર્ચે મંડપ બંધાવ્યો, રૌશની કરી અને શીરીની (ન્યાઝ) પણ લાવ્યા. મીલાદ શરીફના અંતે ન્યાઝ તકસીમ (વહેંચવાનું) કામ પોતાના ખાસ મિત્ર મહંમદભાઈને સોંપ્યું. આ ખિદમત એટલે ન્યાઝ (શીરીની)ને વહેંચી રહ્યા છે. ન્યાઝ લાવ્યા છે. અહમદભાઈ પણ વહેંચી રહ્યા છે. મહંમદભાઈ માંગનારા પણ જેના તરફથી ન્યાઝ છે, તેની પાસેથી નહીં

પણ વહેંચનાર પાસે જ માંગી રહ્યા છે, મહંમદભાઇ પણ પોતાને મળેલી વહેંચવાની સત્તાથી દરેક માંગનારને આપી રહ્યા છે. એટલે જો નેઅમતોનો માલિક અલ્લાહ હોય અને તેઓ વહેંચનાર અલ્લાહના રસૂલ હોય, તો માંગનારા રસૂલ પાસે કેમ ના માંગે ?

અમો સુન્નીઓ **'યા રસૂલલ્લાહ અલ મદદ'**નો નારો લગાવીએ, તો રસૂલેપાકના ઇખ્તયારાતના મુન્કરો અમને શિર્ક અને બિદઅત કરનારા કહે છે પણ આવો આપણે સબક તમેના પાસેથી લઇએ જેમણે દુનિયામાંથી પણ શિર્ક અને બિદઅતને ખત્મ કરી. એવી પવિત્ર જમાત એટલે કે સહાબાએ કિરામની મુબારક જિંદગીમાં ઐતિહાસિક અને ઇમાનવર્ધક પ્રસંગ જોઇએ.

**સુલેહ હુદૈબીયાહ**ના મૌકા પર રસૂલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની સાથે લગભગ ૧૫૦૦ (પંદરસો) સહાબાઓનો કાફલો હતો. આ વખતે પાણી ખલાસ થઇ ગયું, પાણીની ખેંચ વર્તાવા લાગી. પીવા, નાહવા, ધોવા, વુઝૂ કે તહારત માટે બિલકુલ ન હતું. આસપાસમાં ક્યાંય પાણીનું ઝરણું નહીં. સહાબાએ રસૂલે રહેમતની બારગાહમાં પાણીની ફરિયાદ કરી. યા રસૂલુલ્લાહ ! પાણી નથી પાણી નથી. પાણી નથી. તેના જવાબમાં રસૂલે અરબીએ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમને કહ્યું કે, જાવ, પાણી અલ્લાહ પાસે માંગો. જાવ, પાણી માટે તળાવ નદી કે કૂવા પર તલાશ કરો. બલ્કે નબીએ કરીમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કહ્યું કે લાવો મારી મશ્કીઝા ક્યાં છે. આપે પોતાના મશ્કીઝા પર પોતાનો રહમતી હાથ મુકી દીધો અને ફરમાવ્યું : 'જેને જેટલુ જોઇએ તેટલું પાણી લઇ લો. '૧૫૦૦ સહાબાની જમાતે પોતે પોતાના પાણીનાં તમામ વાસણો ભરી લીધાં, પીનારે પી લીધું, તહારત કરનારે તહારતકરી લીધી, વુઝૂ કરનારે વુઝૂ બનાવી

લીધું. પણ પાણી મશ્કીઝામાંથી આવી જ રહ્યું છે. જોનારાઓએ જોઈ લીધું કે, પાણી મશ્કીઝામાંથી નહી પણ હુઝૂરની મુબારક આંગળીઓમાંથી ઝરણાં વહી રહ્યા છે. કહેવાનો ભાવાર્થ એ છે કે, સહાબીઓએ પણ રસૂલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પાસે માંગ્યું. રસૂલે કરીમ પાસેથી માંગ્યું. રસૂલે કરીમ પાસેથી માંગવું જો સહાબાઓને શિર્ક ના લાગ્યું, તો અમો સુન્નીઓને એ શિર્ક કેમ લાગે ? બેશક ! રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કાસીમુન્નેઅમત છે, અર્થાત 'નેઅમતોના વહેંચનારા છે.'

**નૂર કે ચશ્મે લહેરાયેં, દરિયા બહેં**
**ઉંગલીયોંકી કરામત પે લાખોં સલામ**

ઈબાદત, રિયાઝત, શહાદત, શુજાઅત, સખાવત, ઈમામત, શરીઅત, તરીકત, હકીકત, મઆરેફત, રિસાલત, નબુવ્વત, વિલાયત તમામ નેઅમતો મદની તાજદારના ઘરની છે, જેણે જે કાંઈ માંગ્યું તે મદીનાના તાજદાર પાસે જ માંગ્યું અને મેળવ્યું છે.

**જો હમકો મિલા હૈ, સબ મોહમ્મદસે મિલા હૈ**

અલ્લાહ તઆલાએ સમગ્ર જગતવાસીઓ પર સૌથી મોટો ઉપકાર એ જ કર્યો કે, તેણે પોતાના નૂરને બશરનું રૂપ આપી ધરતી પર અમારી ભલાઇ અને કલ્યાણ માટે મોકલ્યું. તે નૂર હુઝૂર પૂરનૂર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની પવિત્ર જાત છે. ખુદાની જાતથી જુદું પડેલું નૂર, નૂરે મોહમ્મદ (સલ્લલલાહો અલયહે વસલ્લમ) છે. આ નૂરે મોહમ્મદને પણ એ જ ઈખ્તેયારાત હોય જે ઈખ્તેયારાત તેના મૂળ સ્વરૂપ એટલે નૂરે ખુદાવંદીને હોય છે.

અલ્લાહ તઆલાએ તેના પ્યારા બંદાઓને નેઅમતો અતા કરી છે. પણ જે નેઅમતોનો ખજાનો પોતાના મહેબૂબ અને અંતિમ નબી

(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને આપ્યો છે. તે બીજા કોઇને પણ આપ્યો નથી.

હુઝૂરની શાન ઇન્સાનના બયાનથી ઘણી ઉંચી છે. હઝરત અબુ હુરૈરહ (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે, હુઝૂરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, "બધા જ ખજાનાઓની ચાવીઓ મારા હાથમાં આપી દેવામાં આવી છે." બીજી જગ્યાએ ફરમાવ્યું કે, 'મને દરેક વસ્તુની ચાવી આપી દેવામાં આવી છે.' (તિબરાની)

કોઇ શાયરે સરસ કહ્યું છે કે-

**કુંજીયાં તુમ્હેં દીં, અપને ખઝાનોંકી ખુદાને**
**મહેબુબ કીયા, માલીકો મુખ્તાર કીયા રબ્બે સમાને**

જે રબના ખજાનાઓની ચાવીઓના માલિક અને મુખ્તાર હોય, તેમની પાસે શું ના હોય ? બેશક ! અલ્લાહ તઆલાએ હુઝૂરની એક ઝાતમાં સમગ્ર કાયનાતને બધું જ આપી દીધું છે.

અલ્લાહના પ્યારા, મારા, તમારા, સૌના આકા, બંને જહાનના સરદાર મદની તાજદાર, સરવરે અંબિયા, હુઝૂર અહમદે મુજતબા મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની એક શખ્સીયતમાં અનેક અવસાફ મૂકીને અલ્લાહ પાકે આપને અજોડ અને અનુપમ બનાવી દીધા. સાચે જ આશીકે રસૂલ આલા હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાન (રહમતુલ્લાહ અલયહ) ખૂબ સરસ કહી ગયા કે-

**તેરે તો વસ્ફ ઐબે તનાહીસે હંય બરી**
**હયરાં હું મેરે શાહ, મેં કયા કયા કહું તુજે**
**કેહ લેગી સબ કુછઉન્કે સનાખ્વાંકી ખામોશી**
**ચુપ હો રહા હું, કેહ કે મેં, કયા કયા કહું તુજે**
**લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસપે કર દિયા**

ખાલિકકા બંદા, ખલ્કકા આકા કહું તુજે
(તયબાહ-૧-૧૦-૯૪)

# ઇસ્લામ અને બંધુભાવના

*અઝ : પીરઝાદા સૈયદ દાદામિયાં એ. કાદરી (રૂપાલવાળા)*

ઈસ્લામી ઈમારતનો પાયો બંધુત્વભાવના અને એકતાના ઉચ્ચ આદર્શોની ઈંટોથી ચણાયેલો છે. એટલે જ તો આજે આખાયે જગતમાં જેટલા મોટા ધર્મો છે, તેમાં ઈસ્લામ સૌથી મોખરાનું સ્થાન ધરાવે છે. છેલ્લી ૧૪ સદીઓથી ઈસ્લામે માનવીને સાચા અર્થમાં માનવ બનાવવા માટે અને એક માનવી બીજા માનવીનો ભાઈ છે, તેવી ઉન્નત ભાવના કેળવવા અર્થે, અવિરતપણે કોશિશ કરી છે. દુનિયાના જુદા જુદા રાજકીય વડાઓ વચ્ચે પણ ઈસ્લામે પોતાની મઝહબી એકતા અને સંપ યથાવત જાળવી રાખ્યો છે અને એક વિશ્વધર્મ તરીકે પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે.

ઈસ્લામની આ પ્રગતિ પાછળ મુખ્ય બે બાબતો એ સૌનું ધ્યાન દોર્યું છે એક તો કુરઆને પાકમાં આપેલા પરવરદિગારના પાક અને ઉચ્ચ કથનો અને બીજું પયગમ્બરે ઈસ્લામ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું પ્રત્યક્ષ આચરણ.

**"વઝકુરૂ નેઅમતુલ્લાહે અલયકુમ ઈઝ કુન્તુમ અઅદા અન ફઅલ્લફ બયન કોલુબેકુમ ફઅસબહતુમ બેનેઅમતેહી ઈખ્વાના."**
(અર્થાત : અલ્લાહના તે એહસાન (ઉપકાર)ને યાદ કરો, કે તમે અંદરો અંદર એકમેકના દુશ્મન હતા. અલ્લાહે તમારાં દિલોને જોડી દીધાં અને પછી તેની કૃપાથી તમે ભાઈ ભાઈ બની ગયા.)

પયગમ્બર ઈસ્લામ આ આયાતને વારંવાર કહેતા અને લોકોને સુલેહ-સંપથી રહેવા હંમેશા આગ્રહ કરતા. પરિણામ એ આવવા લાગ્યું

કે, લોહી, સગાઇ, કૂળ, જ્ઞાતિ વગેરેની જે વાડાબંધીઓ હતી, તે દૂર થઇ ગઇ અને ફકત એક કલ્મો.... **"લાઇલાહા ઇલ્લલ્લાહો મોહમ્મદુર્રસૂલુલ્લાહે."** પઢનાર એક બીજાનો ભાઇ છે, તેવી આત્મિક બંધનની લાગણી વિજળી વેગે દુનિયામાં ફેલાઇ ગઇ અને દુનિયાના કોઇપણ ખૂણામાં વસનાર મુસ્લિમને પોતાના બીજા મુસ્લિમ ભાઇ પ્રત્યે અનોખી માતૃભાવના ઉત્પન્ન થઇ.

હિજરત પછી પણ ઇસ્લામના મહાન પયગમ્બરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મુહાજિરો (નિરાશ્રિતો) અને અન્સારો વચ્ચે જે ભાતૃભાવ અને મિલનસારી સ્થાપી, તે ખરેખર ઇતિહાસમાં અજોડ છે જ્યારે આપના પવિત્ર મુખથી પુનિત વાણી **"ઇન્નમલ મુઅમેનુન ઇખ્વાહ"** એટલે તમામ મુસ્લિમો પરસ્પર ભાઇ ભાઇ છે, એવી સાંભળી ત્યારે અન્સારો એ મુહાજિરોની એટલી મદદ કરી કે જેને જોટો મળવો મુશ્કેલ છે. ભાઇની અજોડ લાગણીનો સોથી ઉત્તમ નમૂનો તો એ હતો કે, અન્સારીઓએ પોતાની બે પત્નીમાંથી એકને તલાક આપીને, પોતાના મુહાજિર ભાઇના નિકાહમાં આપી હતી. આવી ઉદાર દરિયા દિલી અને ભવ્ય બંધુત્વતા ઇસ્લામ સિવાય બીજે કયાંય મળશે નહિ.

એક વખત, ઇસ્લામના મહાન નબીયે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે, "એક માણસ જ્યાં સુધી પોતાના માટે પસંદ કરેલી વસ્તુ પોતાના ભાઇ-માટે પણ પસંદ ન કરે, ત્યાં સુધી તે ઇન્સાન બનતો નથી."

એક વાર આપને પૂછવામાં આવ્યું કે, કયા કામ કરવા સર્વથી શ્રેષ્ઠ છે ? જવાબમાં ફરમાવ્યું કે, (૧) કોઇના દિલને ખુશ કરવું (૨) ભુખ્યાઓને ખવડાવવું (૩) મઝલુમો (ત્રાસિતો)ની મદદ કરવી (૪) ચિંતાગ્રસ્તોની ચિંતા દૂર કરવી (૫) બીમારોની સારવાર કરવી.

ફરી આપને પૂછયું કે, અલ્લાહને સૌથી વધુ પસંદ હોય એવો માણસો કોણ છે ? આપે જવાબ આપ્યો કે "જેના હાથે માનવોને વધુ લાભ મળે."

પયગમ્બરે ઇસ્લામ, હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ત્રણ વસ્તુઓના બાની (સ્થાપક) ગણાય છે. આપે એક કૌમ તૈયાર કરી, આપે એક સલતનત કાયમ કરી, આપે એક દીન (મઝહબ)ને સંપૂર્ણપણે સ્થાપિત કર્યો. આપનું વ્યકિતતત્વ અને આપની પ્રતિભા, આ ત્રણેય બાબતનું કેન્દ્ર ગણાય છે. અશાંતિ, અંધાધૂંધી, પાપાચાર અને ગૈર કાનૂની વર્તાવવાળા મુલકમાં આપે એક અપ્રતિમ, અજોડ સુખ-શાંતિ, એકતા અને કાયદા કાનૂનની શાનદાર ઇમારત એટલે ઇસ્લામને કાયમ કર્યો.

પયગમ્બરે ઇસ્લામના ઉપદેશો, સેવા, સહિષ્ણુતા, ત્યાગ, સાદગી જેવા ઉત્તમ ગુણો ઇન્સાન અને ઇસ્લામી બંધુત્વના નક્કર પાયા પર રચાયેલા છે. અલ્લાહના અંતિમ રસૂલે માનવતાના નિષ્પ્રાણ અને નિશ્ચેતન દેહમાં આવા અનેક ઉત્તમ ગુણો રૂપી પ્રાણ પૂર્યો છે.

રાજસિંહાસન, રાજમુગટ અને રાજમહેલ વિના અધિકારો હોવા છતાં, ખજૂરીની ઝૂંપડીમાં રહીને, ખજૂર અને પાણીના ભોજનથી દિવસો વિતાવી, પોતાની અને પારકી રૈયત પર, તેમના દિલો પર સાદાઇથી રાજકરનાર જો કોઇ હોય તો, ફકત ઇસ્લામના મહાન રસૂલ સિવાય બીજા કોઇનું પણ નામ લઇ શકાય તેમ નથી. પ્રાચીન કે અર્વાચીન યુગમાં આ ધરતી ઉપર એવો કોઇ હાકેમ (રાજકર્તા) આજ સુધી થયો નથી, જે હજારો દુશ્મનો વચ્ચે અંગરક્ષક એટલે બોડીગાર્ડ વિના, રાજ દરબારના દોર દમામ વિના, રાજસત્તાના નક્કર સ્તંભ ઊભા કરી શકે ! પયગમ્બરે ઇસ્લામ હઝરત મોહંમદ મુસ્તફાએ (સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ) એક સાચી લોકશાહીની સ્થાપના કરી અને માનવતાની જ્યોતને ઝળહળતી રાખવા કાજે, તમામ કુરબાનીઓ બેધડક આપી. એટલે જ તો આ મઝહબ તેની તમામ ચમક-દમક સાથે હજુ પણ જીવંત છે અને હંમેશા જીવંત રહેશે-ઈન્શાઅલ્લાહ કારણ કે ઈસ્લામ માનવીની ભલાઈ ચાહનાર ધર્મ છે.

ફકત મુસ્લિમો જ નહીં, જગતના તમામ પ્રાણીઓ અને ખાસ કરીને માનવીને હૈયાથી લગાડનાર ઈસ્લામના તે મહાન પયગમ્બર સાહેબની ઉદારતા અને દરિયાદિલીના ગુણગાન તેમના કટ્ટર દુશ્મનોને પણ કર્યા વિના છુટકો થયો નથી. એક મુસ્લિમ તો એમના વખાણ કરે તે માનવા જોગ છે. પણ ગૈર મુસ્લિમ, જે ઈસ્લામ ધર્મ પાળતો નથી, તેની કલમ પણ ઈસ્લામી ભાતૃભાવના અને વિશ્વ પ્રેમનો એકરાર કરે છે, તે ઈસ્લામનું મોટું જમા પાસું છે. પંજાબના ઈસાઈ ધર્મના આગેવાન દિવાન બહાદૂર એસ.પી. સિંહા (એમ.એલ.એ.) ઈસ્લામના વિશ્વ પ્રેમ અને બંધુત્વ ભાવના વિષે મુકત કંઠે ગુણગાન કરતાં કહે છે કે, "ઈસ્લામના મહાન પયગમ્બર મહાન રાજનિતિજ્ઞ અને અતિ સફળ નેતા હતા. કુરઆન ઈસા મસીહ (જીસીસ ક્રાઈસ્ટ) માટે ઉંચું કથન કહે છે. એટલે એક ખ્રિસ્તી તરીકે ઈસ્લામના એ મહાન પયગમ્બરને માન આપવા હું બંધાયેલો છું. ખ્રિસ્તીઓના એક પ્રતિનિધિ મંડળે (ડેપ્યુટેશને) પાક પયગમ્બરની મુલાકાત લીધેલી, ત્યારે આપે તેઓની બંદગી માટે પોતાની મસ્જિદમાં જગા આપી હતી. મુસ્લિમ ખલીફાઓના વખતમાં દેવળો (ચર્ચ)ને સંપૂર્ણ રક્ષણ અપાયું હતું. પયગમ્બરોની આ ઉદારતાનો દાખલો જગતમાં ચમત્કાર સર્જી શકે છે."

ઈસ્લામી દ્રષ્ટિકોણ વિશ્વ પ્રેમ અને બંધુત્વ માટે પાયા સમાન છે. તેઓ એકરાર કરતાં મી.હોમી જે રૂસ્તમજી (બાર એટ લૉ) લખે છે

કે, "ઈસ્લામના મહાન પયગમ્બર એકલા જ એક એવી એક હસ્તી હતા, જેમણે ઉંચા અને નીચા વચ્ચેનો ભેદ દૂર કર્યો હતો અને માનવ સમાનતાનો પાઠ શિખવ્યો હતો. આપ દરેક પ્રકારના માનવી માટે માર્ગદર્શક હતા."

ઈસ્લામ, ભાઈચારો, એકતા અને સંપ-સુલેહને વરેલો મઝહબ છે. નમાઝ જેવી ઉત્તમ ઈબાદત (બંદગી) માટે દરેક મુસ્લિમને જમાઅત સાથે (સમૂહ) નમાઝ પઢવાનો હુકમ કરે છે એ જમાઅતમાં (સમૂહમાં કોઈપણ જાતનો ભેદભાવ હોતો નથી. ઉંચ કે નીચ, અમીર કે ગરીબ, શેઠ કે નોકર, બાપ કે દીકરો, બાદશાહ કે ગુલામ, બધા જ એક સરખા છે. એક સફમાં (લાઈનમાં) ઉભા રહી એક સાથે ખુદાને સજદો કરે છે. કોઈપણ જાતના ભેદભાવ વિના ખભાથી ખભો મિલાવી ખુદાના દરબારમાં બધા સરખા છે, તેવી તાઅલીમ ઈસ્લામ નમાઝમાં આપે છે. આ દ્રશ્યને મહા કવિ ડૉ. ઈકબાલ પોતાની શાયરીમાં આ રીતે કહે છે કે-

**એક હી સફમેં ખળે હો ગયે મહેમુદો અયાઝ**
**ન કોઈ બંદા રહા, ન કોઈ બંદા નવાઝ**

એટલે જ્યારે નમાઝનો સમય થતો અને ખુદાની સમક્ષ હાજરી આપવાનો ટાઈમ થતો, ત્યારે મહાન વિજેતા મહેમુદ ગઝનવી અને તેમનો અદના ગુલામ અયાઝ પણ એક જ સફમાં ખભાથી ખભો મિલાવી ઊભા થઈ ગયા. કોઈપણ જાતનો ભેદભાવ ન રહ્યો. મતલબ કે ઈસ્લામ એકતા અને ખુદાના દરબારમાં બધા સરખા છે, તેવી ઉન્નત ભાવના કેળવનાર મહાન મઝહબ છે. ઈસ્લામનો દ્રષ્ટિકોણ-વિશ્વપ્રેમ અને બંધુત્વ-ભાવનામાટે આવા ઉત્તમ નમૂના રજુ કરે છે, તે શું ઓછા છે ?

ભારતના રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણ **"ઈસ્ટ એન્ડ વેસ્ટ રીલીજીયન"**માં લખે છે કે-"આપણે એ વાતનો ઈન્કાર કરી શકીએ નહીં કે, ઈસ્લામી ભાઈચારો જાતિ અને પ્રજાનો બધા અવરોધો વટાવી જાય છે. આ લાક્ષણિકતા બીજા ધર્મમાં ઓછી જણાય છે."

મશહુર યુરોપીયન લેખક, ટી.ડબલ્યુ. આર્નોલ્ડનું કથન છે કે, "હજ્જ ટાણે, તમામ વિશ્વના બધા જ દેશોના વિવિધ ભાષાઓ બોલતાઈમાનવાળાઓનું આંતરરાષ્ટ્રીય વાર્ષિક સંમેલન ઈસ્લામ બોલાવે છે,જેથી તેઓ એક જગ્યાએ એકત્ર થાય, જેના તરફ જ મોં કરીને દૂર દેશાવરમાં પણ દર બે-ત્રણ કલાકે પોત-પોતાના ઘરોમાં અંગત રીતે મુસલમાનો નમાઝ પઢે છે ઈમાની એકતા અને ભાઈચારાનો આથી ઉમદા ખ્યાલ કોના દિમાગમાં આવી શકે તેમ છે ? સામૂહિક ઈબાદતનો આ સર્વોચ્ચ અમલ છે, જેમાં આફ્રિકાના પશ્ચિમી કાંઠે રહેતા હબ્શી (નિગ્રો) દુર પૂર્વના ચાઈનામેનને ભેટે છે. સભ્ય અને સુશિક્ષિત તુર્ક, મલાયન સમુદ્રના સૌથી છેટે રહેતા દ્વિપવાસીને પોતાનો દિની ભાઈ ગણે છે. બરાબર એ જ ઘડીએ આખાયે જગતમાં વસતા મોમીનના મનમાં પોતાના ભાગ્યવાન ભાઈઓની હમદર્દી ઉભરાય છે, જે પવિત્ર શહેર મક્કામાં ભેગાં થાય છે. આવું તે વેળા બને છે, જ્યારે દુનિયાભરના મુસ્લિમો પોતપોતાના ઘેર ઈદુલ-અદહાની ઉજવણી કરે છે."

સારાંશ કે ઈસ્લામ વિશ્વ પ્રેમ અને વિશ્વ બંધુત્વ ભાવનાનો જન્મદાતા છે. તેને પૂરવાર કરવા માટે ઈસ્લામ ધર્મ નહીં પાળનાર એટલે વિધર્મીઓ પણ તેની એકતાનો એકરાર કરે છે. એ જ તો એની સચ્ચાઈના ગવાહ છે. ઈસ્લામી એકતા અને સંપ-સુલેહની જોડ શોધવા માટે નીકળીએ તો પૃથ્વીની પ્રદક્ષિણા (તવાફ) કરીને આપણે ત્યાં જ આવીને ઉભા રહીશું, જ્યાંથી આપણે નિકળ્યા હતા અને ત્યાં જ ઈસ્લામ

હશે.

આ લેખમાં જે અવતરણો રજૂ કર્યા છે, તે જૂના છે. આપણા ભવ્ય ભૂતકાળની સંપ-સુલેહની સોનેરી કહાની છે. પરંતુ વર્તમાનકાળ જુદો જ વળાંક લઈ રહ્યો છે. આપણી એકતાને તોડવા જાત જાતની તરકીબો ઈસ્લામના દુશ્મનો તરફથી થઈ રહી છે. આ શયતાની ચાલને વિશ્વના તમામ મુસ્લિમો સમજે અને અંદરોઅંદરની લડાઈ બંધ કરી, એક જ પ્લેટફોર્મ પર આવવાનો સમય પાકી ગયો છે. જેમ ભૂતકાળમાં આપણે એક હતા, તેમ આજે પણ એક અને નેક બનવાની કોશિશ કરીએ. ઈન્શાહ અલ્લાહ ફતેહ આપણી જ છે. ઈસ્લામ એટલે એકતા અને એક મુસ્લિમ બીજા મુસ્લિમનો ભાઈ છે તે સંદેશ ઘેર ઘેર ગાજતો કરીએ.

(તયબાહનો હાદીયેઆઝમ અંક-૮૭)

---

# સાચી ઈદ

**લૈસલ - ઈદો લેમન લબેસલ - જદીદ,**
**ઈન્નમલ-ઈદો લેમન ખાફા મિનલ વઈદ.**

(અર્થ : તેના માટે ઈદ નથી જેણે નવાં કપડાં પહેર્યાં, બલ્કે ઈદ તેના માટે છે, જે અલ્લાહના ખોફથી ડર્યો અને રમઝાનના રોઝા રાખ્યા અને અહકામે ખુદાવંદી પર અમલ કર્યો.)

*રજૂકર્તા : જ. દાદામિયાં એસ. કાદરી (મુ. રૂપાલ)*

હુઝુર સરકારે દો આલમ, તાજદારે અંબિયા, હઝરત અહમદે મુજતબા, મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું કે, ઈદને આસ્માન ઉપર "યવમુલ જાએઝતે" એટલે ઈન્આમનો દિવસ કહેવામાં આવે છે. હદીસ શરીફમાં છે કે, ઈદના દિવસે ફરિશ્તાઓ

સડકો ઉપર ઊભા રહીને એવું પોકારે છે કે, તમારા રબ્બની તરફ આવો, તમને ઘણા જ ઈન્આમ મળશે. રાત્રિની ઈબાદતો અને દિવસના રોઝાઓના હુકમને તમે તાબે થયા. ખુદાની રઝામંદીને તમે પ્રાપ્ત કરી. હવે તમે ઈન્આમ મેળવો. ઈદની નમાઝ બાદ ખુદાએપાક તરફથી એલાન થાય છે કે, તમો સર્વેની મગફેરત થઈ ગઈ.

ઈદનો દિવસ ઘણો જ પવિત્ર અને ખુદાની મહેમાનીનો દિવસ છે. આ દિવસે આપણે સૌ ખુદાના મહેમાન છીએ. એટલે જ તો ઈદના દિવસે રોઝો રાખવો હરામ છે, કારણ કે, જે દિવસે આપણને ખુદા તરફથી ખાવા પીવાની દાવત મળી હોય, તે દિવસે આપણે ખુદાના તે મહાન આદેશથી મોઢું ન ફેરવી શકીએ. આ બધું સાચું, પરંતુ ઈદની ખુશીનો આ આનંદ ફકત મર્યાદિત હોય તો તે સાચો આનંદ કે સાચી ખુશી નહીં ગણાય. ઈદની ખુશી સમગ્ર કોમ અને મિલ્લત માટે હોવી જોઈએ. જો ઈદના દિવસે કૌમના એક પણ બાળકની આંખમાં આંસુ હશે, તો આખીયે કૌમે ઉજવેલી **'ઈદ'**, **'વઈદ'**માં ફેરવાઈ જશે.

એક સાચા મુસલમાનની ઈદ તો ત્યારે જ થશે. જ્યારે યતીમના મુખ ઉપર મુસ્કુરાહટ જુએ, બેવાઓના ચ્હેરા પર આનંદની લહેર જુએ, ગરીબોની આંખોમાં હર્ષનાં આસુ નજરે પડતાં, બેચૈન દિલોની ધડકનો ઓછી થતી જણાય ત્યારે જ તેને ઈદની મઝા આવશે.

ઈદ એ ફકત આનંદનો ઉત્સવ માત્ર નથી. ખુશીના આ અવસર પાછળ ઉચ્ચ નૈતિક અને આત્મિક ભાવનાઓનો ભંડાર છુપાએલો છે. આપણા મહાન મઝહબી રાહબર, પેશ્વાએ ઈસ્લામ, અમીરૂલ મોમેનીન, ખલીફતુલ મુસ્લેમીન, મૌલાએ કાએનાત હઝરત અલી (કર્રમલ્લાહો વજહહુ)ના જીવનનો એક પ્રસંગ જોવાથી સાચી ઈદનો અર્થ સમજાઈ જશે.

હઝરત અલી (કર્રમલ્લાહો વજહુલ કરીમ)ના દૌરે ખિલાફતમાં ઇદુલ ફિત્રનો મુબારક દિવસ આવ્યો. ચારે તરફથી આનંદ અને ઉલ્લાસનો સાગર ખુશીના મોજાં મારી રહ્યો હતો. શ્રીમંતો નવાં નવાં, જાત જાતનાં અને ભાત ભાતનાં વસ્ત્રો પરિધાન કરી રહ્યા હતા. સ્વાદિષ્ટ ઉમદા મીઠાઇઓની લ્હાણી થઇ રહી હતી. એકબીજા હસી ખુશી ઇદના મુબારકબાદ પરસ્પર પાઠવી. હૈયાં મિલાવી રહ્યા હતા. તમામ આબાલવૃદ્ધ ખુશીનો ઇઝહાર કરી રહ્યા હતા.

આવા અનહદ ખુશીના મુબારક દિવસે, એક સહાબી શેરે ખુદા હઝરત અલી (રદિયલ્લાહો અન્હો)ને મળવા માટે આવ્યા. અહિં અજીબ દ્રશ્યને જોઇને તે એકદમ આશ્ચર્યચકિત થઇ ગયા. શું જુએ છે કે હઝરત અલી ઘણા દિવસથી પડેલા જવના સુકા રોટલાના ટુકડાઓ આરોગી રહ્યા છે. પેલા સહાબીએ એકદમ વિસ્મય પામતાં પૂછયું કે, હઝરત, આજે ઇદના દિવસે પણ સુકા રોટલાના ટુકડાઓ ખાઇ રહ્યા છો ?

મોમીનોના સરદાર, મૌલા અલી (કર્રમલ્લાહો વજહહુ) જવાબ આપ્યો કે, આ જગત પર એવા ગરીબ બિચારા, કંગાલ માનવીઓ પણ વસે છે, જેમને આ સુકા રોટલાના ટુકડા પણ નસીબ થતા નથી. આજે સેંકડો ઘરોમાં ફાકાકશી હશે. આવા સમયે હું સારી સારી મીઠાઇઓ આરોગું, તે મને કેમ શોભે ?

ઇસ્લામના ઝંડાધારીઓના સીનામાં જગતના તમામ ઇન્સાનો પ્રત્યેની મહોબ્બતનો ધોધ વહેતો હતો. તેમના હૃદયમાં કૌમની પ્રત્યેક વ્યકિતની અખૂટ લાગણી સમાએલી હતી. ઇસ્લામના મુબલ્લીગોના દિલોમાં માનવીના કલ્યાણ અર્થે પ્રેમના અતૂટ ઝરણાં વહેતાં હતાં. પોતાની ખુશી જયાં સુધી સર્વેની ખુશી ન બને, ત્યાં સુધી તે ખુશ થતા નહિં.

આનું નામ સાચી ઈદ. આ છે ઈસ્લામની વિશાળ ભાતૃભાવના અને આનું જ નામ છે માનવતા, અલ્લાહ ત્આલા અમો સર્વેને કૌમ અને મિલ્લતની બેહદ મહોબ્બત નસીબ કરે. ઈદના આ ખુશીના અવસરને એક અને નેક બનીએ તેવી અલ્લાહ પાક પાસે દુઆ સાથે સમગ્ર આલમે ઈસ્લામને મારા અંતરના ઉંડાણેથી **"મુબારકબાદ"** પાઠવું છું.

**લૈસલ - ઈદો લેમન લબેસલ - જદીદ,**
**ઈન્નમલ-ઈદો લેમન ખાફા મિનલ વઈદ.**
*(તયબાહ-૧-૮-૮૧)*

---

# ઇદનો દિવસ : ઇન્આમનો દિવસ

**પ્યારા ઈમાની રિશ્તેદારો : અસ્સલામો અલયકુમ વ ઈદ મુબારક**

ઈદનો આ ખુશનુમા અવસર હરેક મોમીનના કલ્બો જીગરમાં આનંદનો અહેસાસ કરાવે છે. ઈદના અવસરને ફકત આનંદ-પ્રમોદનો અવસર સમજનારા તેની મૂળ અસલીયતને જો સમજે તો ઈદનો આનંદ રૂહને ખુશ કરનારો જરૂર બને. ઈદ એ વળતર બદલો કે એવજનો દિવસ છે આખાય રમઝાન શરીફ દરમિયાન ફકત ખુદાને ખુશ કરવા તેના બંદા હસ્તા મોંએ તેના હુકમોનું પાલન કરવા ભૂખ, તરસ અને અન્ય ખ્વાહેસાતને પૂર્ણ સંયમથી બરદાસ્ત કરી સાબીર બની જાય છે. તો અલ્લાહ તબારક વ તઆલા આ કઠિન કસોટીમાંથી હેમખેમ ઉગરી જનારા તેના બંદા અને બંદીઓને રમઝાનુલ મુબારકના અંતે ઈદની ખુશીનું ઈન્આમ અર્પણ કરે છે. ઈદના દિવસે મોમીન ખુદાનો મહેમાન બને છે. (એટલા જ માટે ઈદના દિવસે રોઝો રાખવો હરામ છે.) ખુદાનો મહેમાન તે જ બને છે જેણે જાહેરી અને બાતેની ગુનાહથી

પોતાને સુરક્ષિત રાખ્યા અને હુકમે ખુદાવંદી મુજબ ઈબાદતમાં પરોવાયેલા રહ્યા. હઝરત ગૌસુલ આઝમ પીરાને પીર દસ્તગીર સૈયદ શયખ અબ્દુલ કાદિર જીલાની (રદિયલ્લાહો અન્હો) ફરમાવે છે કે,

- ઈદ તેની નથી જેણે ખાધું પીધું.
- ઈદ તેની છે જેણે અલ્લાહ માટે ખાલીસ અમલ કર્યાં.
- ઈદ તેની નથી જેણે નવા કપડાં પહેર્યા
- ઈદ તેની છે જે અલ્લાહની વઈદથી ડર્યો.
- ઈદ તેની નથી જેણે ખુશ્બૂ લગાવી.
- ઈદ તેની છે જેણે સાચી તૌબાહ કરી.
- ઈદ તેની નથી જેણે દૌલતથી દુનિયા શણગારી.
- ઈદ તેની છે જેણે તક્વાથી આખેરત સુધારી.

હઝરત સરકારે બગદાદના શબ્દો મુર્દા દિલોને જીંદા કરી દે તેવા છે. એ મુબારક અને પ્યારા શબ્દોમાં કેટલી મહાન નશીહત રહેલી છે. આપની એ પ્યારી નસીહત મોમીનને સંયમી બનવાનો આદેશ આપે છે.

રમઝાનનો બીજો અર્થ જ સંયમ થાય છે. સંયમનો અર્થ એ થાય છે કે અલ્લાહના હુકમોને માથે ચઢાવો અને નિષેધ કરેલી વાતોથી દુર ભાગો. રમઝાન માણસને સબ્ર અને તકવા મેળવવાની ઉત્તમ તક આપે છે. કિસ્મતવાળા આ મુબારક દિવસોની કદર કરીને પોતાના નફસ પર કંટ્રોલ કરી લે છે. રોઝા-નમાઝ-તિલાવત-ખયરાત-ઝિક્ર-ફિક્ર આ તમામ નેક અમલોથી માણસ પોતાના નફસને ફરમાબરદાર બનાવી લે છે. રૂહને સજાવી દે છે અને જો આ પ્રમાણે કરી લીધું તો તે મહેનત અને રિયાઝતનો બદલો ઈદની ખુશી ભેટ (ઈન્આમ) રૂપે અર્પણ થાય છે અને એ જ લોકો આ ઈન્આમ મેળવવાના હકદાર છે

અને સાચી ઈદ પણ તેમની જ છે. અલ્લાહના એહસાનનો શુક્રિયા અદા કરીએ. ઈદની મુબારક બાદ સાથે એ દુઆ છે કે બારી તઆલા અમો સૌને તેના હુકમોની પાબંદી કરવાની તૌફીક આપે. અને તેના ઈન્આમ મેળવવાના લાયક બનાવે. આમીન બરહકે તાહા વ યાસીન સલ્લલાહો અલયહે વસલ્લમ.

(પયગામ તા.૬-૩-૯૫)

*(અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલવાળા))*

---

# શહીદે કરબલાનો સંદેશ

અઝ : જનાબ પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલવાળા)

**અભી તક કરબલાકી ખાકસે યે આવાઝ આતી હૈ**
**ભલા બે-આબ મર જાના, બુરા બે-આબરૂ રહેના**

કરબલાની લડાઈ હક, સચ્ચાઈ, આઝાદી, માણસાઈ અને ભલાઈ માટેની તથા બુરાઈ રોકવા માટેની મહાન માનવ કુરબાની હતી. તે ફકત એટલા માટે લડવામાં આવી કે, ઈસ્લામના અનુયાયીઓ માટે એક ઉમદા નમૂનો રજૂ કરે, જેથી સત્ય, ન્યાય, અડગતા અને ધીરજની, કાયમના માટે એક પરીપૂર્ણ મિસાલ વિશ્વમાં કાયમ થાય.

કરબલાની કરૂણ ઘટના પર વિસ્તારથી દ્રષ્ટિ નાખવાની તાતી જરૂર છે. સૌ પ્રથમ એના એતિહાસિક પહેલુ પર રોશની નાખીને એનાં તમામ પરિણામો અને પ્રવચનોને બયાન કરવામાં આવે, જે આ મહાન બનાવમાં રહ્યાં છે, કે ફુરાતના કિનારાની રેતી આજથી સાડા તેર સો વર્ષ પહેલાં ઝખ્મ અને લોહી લુહાણ હાલતમાં હકીકત અને સદાકતથી ભરપૂર હતી.

દુનિયામાં દરેક ચીજનો નાશ થાય છે અને તે મરી જાય છે,

મટી જાય છે. પરંતુ હુસૈની શહાદતના લોહીનાં તે બિંદુઓ જે પોતાની અંદર હયાતે ઈલાહીય્યાહની રૂહ ધરાવે છે. તે કદી ફના થયાં નથી. વિષય લંબાણવાળો થઈ જવાના ડરે કેટલાક જરુરી ઈશારાઓ સંક્ષિપ્ત રૂપમાં જોઇએ.

**(૧) સચ્ચાઈ અને આઝાદી માટેની લડત :-**

મયદાને કરબલાના કરૂણ કિસ્સામાં આપણને જે સબક પ્રથમ આપવામાં આવ્યો છે, તે દાવતે ઈલાહી સચ્ચાઈ અને આઝાદીની રાહમાં પોતાની ઝાતને કુરબાન કરવાનો છે.

બનુ ઉમૈયાની હુકુમત એક ગયર શરઈ હુકુમત હતી. કોઈપણ હુકુમત જેનો પાયો બળજબરી અને શખ્સીયત્ત પર હોય, તે કદી ઈસ્લામી હુકુમત ઠરી શકતી નથી. એવી સરકારની સ્થાપના કરનારે ઈસ્લામી આઝાદીની રૂહને ગારત કરી ગણાશે, ઉમ્મતના ઈજમાઅના મશ્વરાની જગ્યાએ છળકપટ કરી પોતાની શખ્સી હુકુમત (રાજાશાહી)ની બુનિયાદ મુકેલી ગણાશે. એમનો રાજ્ય વહીવટ અને વ્યવસ્થા શરીઅત મુજબ ન હતા. માત્ર ખુદ ગરજીનું રાજકારણ હતું, એટલે આવી હાલતમાં જરૂરત હતી કે, ઝુલ્મ અને બળજબરી સામે એક મિસાલ (દ્રષ્ટાંત) કાયમ કરવામાં આવે અને શાનદાર દાખલો બેસાડવામાં આવે તથા હક અને આઝાદીની રાહમાં લડત આપવામાં આવે.

શહીદે આઝમ ઈમામે આલી મકામ હુસૈન ઈબ્ને અલી (રદિયલ્લાહો અન્હો)એ પોતાની કુરબાનીઓનો દાખલો બેસાડીને બનુ ઉમૈયાની ખિલાફ, સચ્ચાઈની લડતનો પાયો નાંખ્યો. તેની હુકુમતની બુનિયાદ ઝુલ્મ અને બળજબરી પર હોવાથી તેની ઈતાઅત અને વફાદારીથી ઈન્કાર કરી દીધો.

**(૨) ઝાલિમ અને જાબિર સત્તાનો પ્રતિકાર :-**

કરબલાના મહાન કર્મવીરોએ આપણને તઅલીમ આપી છે કે, દરેક ઝાલિમ અને જાબિર સત્તાનો જાહેર સામનો કરો. એવી કોઇ સત્તાની ઈતાઅત (આજ્ઞાપાલન) અને વફાદારીના બયત ના કરો જે ખુદાએ બક્ષેલી ઈન્સાનોની આઝાદી અને હક્કો ઝૂંટવી લેતી હોય, જેના હુકમો સચ્ચાઇ અને ન્યાયના બદલે જબ્ર અને ઝુલ્મના પાયા પર ઘડાયા હોય.

મુકાબલો કરવા માટે એ જરૂરી નથી કે, તમારી પાસે શકિત અને સાર્મથ્ય તથા ગજા અને ઠાઠના તે તમામ સાધનો પણ મૌજુદ (પ્રાપ્ત) હોય, જે ઝાલિમોની પાસે હોય છે. કારણ કે હઝરત ઈમામે આલી મકામની સાથે થોડાક કમઝોર અને મિસ્કીનોની જુજ સંખ્યા સવાય બીજું કાંઇ ન હતું. હક્ક અને સદાકતનો માર્ગ પરિણામોની ચિંતાથી મુકત હોય છે. પરિણામો નક્કી કરવાનુ કામ તમારૂં નથી. એ તો સર્વ શકિતમાન અને સર્વ વ્યાપી અલ્લાહ તઆલાનું કામ છે, જે છેવટે સચ્ચાઇને જ કમજોર અને બળહીન હોવા છતાં કામયાબ અને ફતેહમંદ કરે છે.

**(૩) પરિણામોની પરવા ના કરો :-**

સૈય્યદુશ્શોહદા હઝરત ઈમામ હુસૈન ઈબ્ને અલી (રદિયલ્લાહો તઆલા અન્હો)ના આદર્શો બતાવે છે, કે પરિણામોની પરવા ના કરો. જો ઝુલ્મી અને સિતમગર સત્તાનું અસ્તિત્વ હોય તો એના માટે હકની કુરબાની આવશ્યક છે અને એ હોવું પણ જોઇએ. સંખ્યાનું પ્રમાણ અલ્પ યા વિશેષ અથવા સાધન સામગ્રીનો અભાવ એને નડી શકતો નથી અથવા અસર કરી શકતો નથી. ઝાલિમનું સાહિબે શૌકત અને અઝમત હોવું, તે કાંઇ ખુદાઇ સનદ નથી, કે તેની તાબેદારી સ્વીકારી

લેવામાં આવે, ઝાલિમ કમજોર હોય કે બળવાન દરેક હાલતમાં તેનો મુકાબલો કરવો જ જોઇએ.

**(૪) સત્યની પરીક્ષા :-**

સત્યવાદી અને ઇન્સાફ ચાહકોની કસોટી (પરીક્ષા) ધીરજ અને વીરતા માંગે છે. ડગલે અને પગલે, આબરૂ અને જીવના જોખમે, બાલબચ્ચાંઓ, સગાંવહાલાંઓની મહોબ્બતના કાંટાઓ પાલવને પકડી રાખે છે. પરંતુ આ મહાન શહીદોના જીવનનો ઉત્તમ નમૂનો આપણને એ સબક આપે છે, કે માર્ગમાં ડગ ભરતા પહેલાં નિજની ઇચ્છાઓ અને હિમ્મતને બરાબર તપાસી લો.

કરબલાનાઅલ્પ સંખ્ય સત્યવાદીઓના માર્ગમાં ચારે તરફથી, તેવી તમામ પરીક્ષાઓ લેવામાં આવી, જે અલ્લાહ તઆલાએ કલામે મજીદમાં વર્ણન કરી છે. જેમકે **"વલ નબલુવન્નકુમ બે શયઈમ મિનલ ખવફે વલ જુએ વનકસીમ.... વ ઇન્ના ઇલયહે રાજેઊન."**

(**ભાવાર્થ** :- અલ્લાહ તમને આઝમાઈશમાં નાખશે, ભય ને નિરાશા, ભૂખ અને પ્યાસ, માલ અને જાનનું નુકસાન તથા ઔલાદ અને સ્નેહીઓની હલાકત વગેરે હાલતમાં નાખીને, તમારા ધૈર્ય અને અડગતાની કસોટી કરશે, તો તેના માટે અલ્લાહ તરફથી ખુશખબરી છે, કે જેમની સ્થિરતા અને અડગતાનો એ હાલ છે કે જ્યારે મુસીબતોમાં સપડાઇ જાય છે, તો પોતાના મામલાને એમ કહીને અલ્લાહને હવાલે કરી દે છે કે, ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન)

કરબલાના મઝલૂમોની સામે એ તમામ બાબતો અને બધી જ ઘટનાઓ એક એક કરીને આવી અને આ મહાન શોહદાયે કિરામ સબ્રની મક્કમ દિવાલ બનીને, સત્યની ખાતર બધી જ કુરબાનીઓ આપી છુટયા. જો આ કર્મવીરોને ઝૂલ્મી સત્તાની તાબેદારી અને

વફાદારીને સ્વીકારી હોત, તો દુનિયાની તમામ રાહતો અને સુખ ચૈન તેમના કદમો ચુમતા હોત, પણ અહીં તો હક્કની તરફદારી માટે જાનની બાઝી લગાવીને કુરબાની આપી દીધી જે ઇમાનદાર માણસ માટે આખરી સોગાત હોય છે.

(૫) ધીરજ અને દ્રઢતા :-

કરબલાની આ કરુણ દાસ્તાનમાં મહત્વનો મુદ્દો એ છે કે, આપત્તિના પંથમાં અને સચ્ચાઇની લડાઈમાં સબ્ર અને અડગતા અને દ્રઢતા રાખવી જોઈએ.

આ મહાન શહાદતની સૌથી મોટી વિશેષતા એ છે કે, નિજના તમામ સગા-સ્નેહીઓ, બાલ-બચ્ચાં, ભાઈઓ, ફરઝંદો અને ચાહકો સહિત, ગરીબાઈ અને સંકટોમાં ઝંપલાવવું, પોતાની આંખો સામે પોતાના જીગરના ટુકડાને ભૂખ્યા-પ્યાસા ટળવળતા અને તરફડતા જોવા, એ પછી દરેકે દરેકની લોહી નીતરતી લાશોને પોતાના હાથો વડે ઉપાડવી, ત્યાં લગી કે પોતાના સૌથી નાના, કુમળી વયના દૂધ પીતા બાળકને પણ કાતિલ તીરના ભોગ બનેલા જોવું, પરંતુ સચ્ચાઇ અને ન્યાયના પંથે ધીરજ અને અડગતાનો નિર્ધાર કર્યો હતો, તેમાં એક પળ માટે પણ ડગવું કે પાછા નહિ હઠવું, એ કેટલા મહાન દરજ્જાનો સબ્ર, તેમણે ધારણ કર્યો.

આજે પણ જો સચ્ચાઇના સાદ સાંભળનારા કાન હોય, તો કરબલાની ખાકનો એક એક કણ, સબ્ર અને અડગતાની ગાથા ગાય છે. હક અને સત્ય કાજે સર્વસ્વ કુરબાન કરવાનો ઉત્તમ પાઠ બીજે કયાંય જોવા નહિ મળે.

ભારતની આઝાદીના લડવૈયા માટે શહીદે કરબલાનો સંદેશ ઘણો જ પ્રેરક બની રહ્યો હતો. ખુદ રાષ્ટ્રપિતા ગાંધીજી કહે છે કે,

સત્યને, સફળ બનાવવા માટે એને વળગી રહેનારના જાનની કુરબાની માગે છે, હઝરત ઈમામ હુસૈનના જીવન પ્રસંગો હકીકતમાં દરેક માનવીએ મનન કરવા જોઇએ. હકીકતમાં, એના પર મનન કરવાથી કંઇક અનેરો ઉત્સાહ મળે છે. સત્ય રૂપે એમનું જીવન જાણે મારા માટે તો ચિંતામણીના રત્ન રૂપ છે.

સારાંશ કે શહીદે કરલબાનો સંદેશ એ છે કે, સત્યગ્રાહી બનો. (હઝરત ઈમામે આલી મકામ હુસૈન ઈબ્ને અલી (રદિયલ્લાહો અન્હો) વિશ્વના સર્વપ્રથમ સત્યાગ્રહી બની રહ્યા, તેમાં શંકાને સ્થાન નથી. હઝરત ફખરે ગુજરાત, 'ફખ્ર' કાદરી સાહેબનો આ શેર પ્રેરણાદાયક છે.

નફરતકી જો બાતેં હંય, બ-નફરત છોળો
ઝિલ્લતકે જો કામ હંય બ ઝિલ્લત છોળો
બન જાવ તુમ હુસૈન ઈબ્ને અલી કે પયરવ
સર દેદો, મગર તુમ ન શરાફત છોળો

*(સંપૂર્ણ)*

(તયબાહ ૧-૯-૮૭)

# લાઇલાહાનો પાયો : ઇમામ હુસૈન

(રદિયલ્લાહો તઆલા અન્હો)

પ્યારા દીની ભાઇઓ ! અસ્સલામો અલયકુમ

માહે મોહર્રમ ઈસ્લામી હિજરી વર્ષની શરૂઆત કરતો મહાન અઝમતવાળો મહિનો છે. તવારીખ (ઈતિહાસ)માં તેની ૧૦મી તારીખ તેની અનુપમ ઘટનાઓના કારણે ઘણી જ મશહૂર થઇ. દા.ત. હઝરત આદમ અલયહિસ્સલામની તૌબા કબૂલ થવાનો દિવસ, હઝરત નુહ

અલયહિસ્સલામની હોડીને તોફાનથી બચીને કિનારે લાગવાનો દિવસ, હઝરત મુસા અલયહિસ્લામનો ફિરઔન પર વિજય થવાનો દિવસ, હઝરત યુનુસ અલયહિસ્સલામને માછલીના પેટમાંથી જીવંત બહાર નીકળવાનો દિવસ, હઝરત ઐયુબ અલયહિસ્સલામની બિમારીઓ દૂર થઇ તંદુરસ્તી પરત મળવાનો દિવસ, હઝરત સુલયમાન અલયહિસ્સલામને સલ્તનત મેળવવાનો દિવસ વગેરે. આમ આ દશમી મોહર્રમ પહેલાથી જ તેની અગત્યતા ઇતિહાસમાં ધરાવે છે.

પરંતુ આજે ૧૦મી મોહર્રમનો જે મહત્વ અમારી પાસે છે તે આશુરા અને શહાદતે ઇમામે આલી મકામ સૈયદના ઇમામ હુસૈન અલી (રદિયઅલ્લાહો અન્હો)ના કારણે વધી ગઇ છે અને કેમ ના વધે તેનું કારણ એ છે કે, દરેક નબી, રસૂલ અને પયગમ્બર તૌહીદનો સબક આપવા આવ્યા. દરેકે તૌહીદ એટલે લાઇલાહા ઇલ્લલ્લાહની તબ્લીગ કરી અને આ સિલસિલો આપણા પ્યારા આકા મદની તાજદાર રહમતે આલમ હુઝૂર અહમદે મુજતબા મોહમદ મુસ્તફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સુધી ચાલતો રહ્યો. તૌહીદનો સંદેશ દુનિયાવાળાઓને આપે પૂરેપૂરો પહોંચાડી દીધો.

હવે આ મહાન નેઅમત ઇસ્લામનો પાયો ઇસ્લામની બુનિયાદ જે અમને મળી તેને સાચવવી એ અમારી ફરજ બની ગઇ. તોહીદના આ રૌશન ચિરાગને બુઝાવવા ઇસ્લામના અંદરની વિરોધીઓએ ષડયંત્ર ગોઠવ્યું. પયગમ્બરે ઇસ્લામે નક્કી કરેલ ઇસ્લામી વ્યવસ્થા એટલે નિઝામે મુસ્તુફા (શરીઅતે મોહમ્મદી)ના વિરૂદ્ધ આચરણો કરવા અને કરાવવા નાપાક કોશિશો શરૂ થઇ.

તો અલ્લાહ પાકે આ મહાન દૌલત અને સૌથી મોટી નેઅમત તૌહીદના રક્ષણાર્થે જાન, માલ અને ઔલાદ સુદ્ધાં કુરબાન કરી દેનારા

તૌહીદની શમ્આના સાચા પરવાના, ઈશ્કે રસૂલના અલમ બરદાર, ઈસ્લામના જાનિશાર ઈમામે આલી મકામ હુસૈન ઈબ્ને અલી શહીદે કરબલા રદિયલ્લાહો અન્હો)ની પવિત્ર ઝાતને પસંદ કરી જેમણે નાનાજાન (રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) રોપેલા તૌહીદના છોડને પોતાના ખૂનથી સીંચન કર્યું. આજે અમો જે તૌહીદને વટવૃક્ષ નીચે રાહત અને આરામનો શ્વાસ લઈએ છીએ તે વટવૃક્ષના મૂળમાં ઈમામે આલી મકામ નવાસ એ રસૂલ, હુસૈન ઈબ્ને અલી (રદિયલ્લાહો અન્હો)નું અને આપના ખાનદાનનું ખૂન સિંચાયેલું છે.

સાચે જ ઈમામે હુસૈન (રદિયલ્લાહો અન્હો) દીન માટે જ જન્મ્યા, દીન માટે જ જીવ્યા અને દીન માટે જ શહાદત વહોરી. આપની પવિત્ર ઝાત એટલે દીનનો પાયો.

આ અકીદો આજકાલના મુસલમાનો નહીં કોઈ જાહીલનો નહીં, કોઈ બે અમલ માણસનો નહીં, બલ્કે આ અકીદો (શ્રદ્ધા) તે તે મહાન અને પવિત્ર વલી એટલે કે હિન્દુસ્તાનના મુસલમાનો પર જેમનો અગણિત ઉપકાર છે. તેવી મુબારક ઝાત હઝરત ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી અજમેરી રહેમતુલ્લાહ અલયહનો છે. અમારા ગરીબ નવાઝ સરકારે અજમેર ફરમાવે છે કે,

**"શાહ અસ્ત હુસૈન, બાદશાહ અસ્ત હુસૈન**
**દીન અસ્ત હુસૈન, દીં પનાહ અસ્ત હુસૈન**
**સર દાદ ન દાદ દર દસ્તે યઝીદ**
**હક્કા કે બીના એ લાઈલાહ અસ્ત હુસૈન"**

અર્થાત હુસૈન શાહ છે. હુસૈન બાદશાહ છે. હુસેન દીન છે. હુસૈન જ દીનનું રક્ષણ છે. માથું આપી દીધું. પણ યઝીદના હાથ પર હાથ ન આપ્યો સાચે જ લાઈલાહાની બુનિયાદ (પાયો) હુસૈન છે.

ખરેખર આ વાતમાં કોઇ શંકા નથી કે, હઝરત અલી શેરે ખુદા (કરમલ્લાહો વજહહુ) ના લાલ બીબી ફાતેમાહ ઝહરા (રદિયલ્લાહો અન્હા)ની આંખના તારા રસૂલે કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના લાડલા પ્યારા નવાસા બેશક લાઇલાહાની બુનિયાદ છે જ.

*અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી (રૂપાલ)*

(પયગામ : ૧-૬-૯૫)

---

ઝિંદા ઇસ્લામ કો કિયા તુને,
હક વ બાતિલ બતા દિયા તુને,
જીકે મરના તો સબકો આતા હૈ
મરકે જીના શીખા દિયા તુને,

## મયદાને કરબલામાં

# કોણ જીત્યું ? કોણ હાર્યું ?

જંગ-યુદ્ધ ખેલવા પાછળ કોઈને કોઇ આશય-હેતુ છુપાયેલો હોય છે. વિના આશય કદાપી જંગ થતો નથી. ક્યારેક સત્તા, પ્રાપ્તી, ક્યારેક જાગીર પ્રાપ્તી, ક્યારેક મુલ્ક પ્રાપ્તીનો હેતુ રહેલો હોય છે. દા.ત. કોઇ જંગમાં એક પક્ષને જાગીર પ્રાપ્ત કરવી છે. એ જ તેનો હેતુ છે ત્યારે સામે બીજા પક્ષને તેને જાગીરની રક્ષા કરવી છે અને પોતાની પાસે જ રહેવા દેવાનો હેતુ છે. આ જંગમાં વિજય તેનો જ થશે જે પોતાનો હેતુ સિદ્ધ કરી લે. એ જ કામયાબ થાયે દરેક જંગ-યુદ્ધમાં વિજયી તે જ પક્ષ થાય છે.જે પોતાના મકસદ-હેતુને પ્રાપ્ત કરી લે છે.

કરબલાના મેદાનમાં જે યુદ્ધ ખેલાયું તેની પાછળ પણ એક આશય હતો અને તે એ જ હતો કે ઝુલ્મી યઝીદ એવું ઈચ્છતો હતો કે, હઝરત ઈમામ હુસૈન (રદિયલ્લાહો અન્હો) મારી બૈઅત સ્વીકારી લે, હું ખલીફા છું એવું માની લે. મારી ખિલાફતને ઈમામ હુસૈન (રદિયલ્લાહો અન્હો)ની માન્યતા મળવી જોઈએ. જ્યારે શહીદે આઝમ હઝરત ઈમામે આલી મકામ સૈયદના હુસૈન ઇબ્ને અલી (રદિયલ્લાહો અન્હો) કોઇપણ ભોગે યઝીદને ખલીફા તરીકે સ્વીકાર કરવા (યઝીદની બૈઅત કબૂલ કરવા) હરગિઝ તૈયાર ન હતા. મયદાને કરબલાના યુદ્ધનો હેતુ યઝીદનો એ હતો કે હઝરત ઈમામ હુસૈન મારી બૈઅત કબૂલ કરે અને નવાસાએ રસૂલ, જીગર ગોશએ બતુલ, ફરઝંદે ફાતેહ ખૈબર સૈયદુશ્શોહદા ઈમામે હુસૈન (રદિયલ્લાહો અન્હો)નો હેતુ એ હતો કે ગમે તે થાય ઘર લૂટાઇ જાય તો ઘર કુરબાન કરી દઉં સર કપાઇ જાય તો સર કુરબાન કરી દઉં પણ યઝીદ જેવા નાલાયક નિષ્ઠુર માણસને ખલીફા તરીકે હરગિઝ કબૂલ નહીં કરૂં.

બસ આ બે જ હેતુઓ માટે મયદાને કરબલામાં હક્ક અને નાહક્ક વચ્ચે જંગ ખેલાયો. એક બાજુ ૨૨ હજારથી વધુ શસ્ત્રધારો, તાલીમબદ્ધ પહેલવાનોનું લશ્કર, બીજી બાજું ત્રણ-ત્રણ દિવસના ભૂખ્યા અને પ્યાસા ફકત ૭૨ જાંનિસારોની નાનકડી જમાઅત યઝીદી ફૌજની ઝુલ્મી આંધી શરૂ થઇ, ઝુલ્મી સિતમની તલવારો ચમકી, તીરોની વર્ષા થઇ, ૭૨ હક પરસ્તોએ હકનો પરચમ બુલંદ રાખવા અંતિમ ઘડી સુધી હક પર કાયમ રહ્યા. યઝીદ જેવા જૂઠા ફરેબી માનવીની બૈઅત કબૂલ

કરવા કરતા જાનની કુરબાની વધુ પસંદ કરી, એક પછી એક હુસૈની ફોજના ચમકતા સીતારાઓએ કરબલાની ધરતીને પોતાના પવિત્ર લહુથી રકતરંજિત કરી. આખરે માસુમ અલી અસગરે પણ પોતાની પ્યાસી જબાન બહાર કાઢી દુનિયા અને તેની રાહતોના ચાહકોને કહી દીધું કે હક પરસ્તો અને આખેરત અને તેની રાહતના ચાહકો ગરદન કપાવી શકે છે. ગરદન ઝૂકાવી શકતા નથી. છ માસના નાનકડા શહીદની મુન્ના શહીદની લોહી નીતરતી લાશને ઈમામે પોતાની બહેન ઝયનબને સુપરત કરી. આપ મૈદાનમાં આવી પહોંચ્યા. શેરે ખુદાના આ શેરે વીજળીની જેમ દુશ્મનોની ફોજ ચિરવા માંડી સેંકડોને ભોં ભેગા કર્યા. દુશ્મનોએ સામૂહિક હુમલો કર્યો, ફાતેમાહનો લાલ એકલા હાથે લડતો રહ્યો તીરોના વરસાદે આપને ઝખ્મી કર્યા, માથામાં તીર વાગતા ઈમામ ઘોડા પરથી નીચે એવા આવ્યા જાણે નમાઝમાં બંદો રૂકૂઅમાં જાય છે. નીચે પડતા જ ઝાલિમ શિમ્ર આપના સીના પર સવાર થઈ ગયો, આપે નમાઝ માટે દરખાસ્ત કરી આપ સિજદામાં હતા. દુશ્મને મૌકાનો લાભ ઉઠાવ્યો ઈમામે આલી મકામે જાને શહાદત પી લીધો. (ઈન્નાલિલ્લાહે વ ઈન્ના ઈલયહે રાજેઊન) ઝાલીમોએ આપના સર મુબારકને તનથી જુદા કરી દઈ સર મુબારકને યઝીદ પાસે મોકલી આપ્યું.

સારાંશ આ યુદ્ધમાં યઝીદનો આશય-હેતુ એ હતો કે હુસૈનનો હાથ મારા હાથમાં આવે એટલે હુસૈન મારી બૈઅત સ્વીકારે. પણ યઝીદની આ મુરાદ બર ના આવી તો ના જ આવી. ઈમામે આલી

મકામે પોતાની હયાતીમાં યઝીદને હાથ ના આપ્યો તો ના જ આપ્યો. પણ શહીદ થયા પછી પણ ના આપ્યો. માથું આપી દીધું પણ હાથ ના આપ્યો. યઝીદી ફૌજની અક્કલ ઉપર પત્થર પડી ગયા કે શહીદના હાથને અડી ન શકયા. માથું લઈ શકયા પણ હાથ ના લઈ શકયા. અલ્લાહો અકબર. મૈદાને કરબલામાં ઈમામે આલી મકામ હુસૈન ઈબ્ને અલી (રદિયલ્લાહો અન્હુ) પોતાના મકસદમાં, હેતુમાં, આશયમાં સંપૂર્ણ સફળ રહ્યા-કામયાબ થયા. આપનો મકસદે જંગ એ જ હતો કે યઝીદને મારો હાથ નહીં આપું અને ન જ આપ્યો. આપની ભવ્ય ફતેહ અને વિજયની યાદગાર આંસુઓની નદીઓ વહાવે છે. ૧૪૦૦ વર્ષ પછી પણ આપની ભવ્ય શહાદતને કરોડો લોકો ઉજવે છે. યઝીદને કોઈ યાદ કરતું નથી અને કરશે પણ નહીં કારણ કે-

"કત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ
ઈસ્લામ ઝિંદા હોતા હૈ હર કરબલાકે બાદ"

આજ વાતને સુલતાનુલ હિન્દ સરકાર ખ્વાજા ગરીબ નવાઝ (રહેમતુલ્લાહ અલયહ) પણ પોતાના શએરમાં ફરમાવે છે કે,

"સર દાદ ન દાદ દર દસ્તે યઝીદ
હક્કાકે બીના એ લાઈલાહા અસ્ત હુસૈન"

*(રજૂઆત : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી રૂપાલવાળા)*

(પયગામ-૧૩-૬-૯૪)

# નઅત શરીફ

(અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી 'મુહિબ'
(રૂપાલવાલા)

રહમત હી બરસતી હૈ, હર આન મદીનેમેં
ખુશ હાલ હી રહેતે હૈ ઈન્સાન મદીનેમેં

બખ્શીશ તો હોગી ઔર વોહ જન્નતમેં જાયેંગે
જો જાકર બનતે હૈ મહેમાન મદીનેમેં

આકાકે હર હૂકમંકી તામીલ હોતી થી
જબ જારી હોતે થે ફરમાન મદીનેમેં

તયબાહ કી ફીઝાંઓ મેં હૈ ઝિક્રે ખુદા હરસું
દિન રાત સબ સુનતે હૈ કુર્આન મદીને મેં

અલ્લાહને મહેબુબ કા કયા શહેર બનાયા હૈ
દાખીલ નહીં હોતા શયતાન મદીનેમેં

મુસ્તફા જાને રહમત કી અઝમત કયા કહેના
ભીખ લેને કો જાતે હૈ સુલતાન મદીને મેં

એક રોઝ તો પહુંચુંગા એક રોઝ તો દેખુંગા
નિકલેંગે 'મુહિબ' તેરે અરમાન મદીને મેં

(તયબાહ તા ૧-૯-૯૭)

## નઅત શરીફ

અઝ : પીર સૈયદ દાદામિયાં એસ. કાદરી 'મુહિબ'
(રૂપાલવાળા)

આ જાઓ મેરે દિલમેં સરકાર મદીનેકે
દિખલાઓ મુઝે જલ્વે એકબાર મદીનેકે
તયબાહકી હવાઓંસે મીલતા હંય સુકું દિલકો
આંખોકો કરે રોશન મીનાર મદીનેકે
ફીરદોસકે મહેલોંમેં દિલ કૈસે લગે ઉસ્કા
દેખેં હોં કભી જીસ્ને ઘરબાર મદીનેકે
દિદારકી હસરતમેં દમ જીસ્કા નિકલતાં હો
બખ્શાંએ ન કયું ઉસ્કો સરકારે મદીનાકે
બેશક મેરે આકાકી હર શય પે હુકૂમત હય
દારૈન કે વારીસ હંય, મુખ્તાર મદીનેકે
મીમ્બર હી નહી નૂરી, મેહરાબ ભી નૂરી હે
હર શય પે યહાં દેખે અન્વાર મદીનેકે
મેઅરાજકી શબ યે યું થા શૌર હર એક જાનીબ
આતે હે 'મુહિબ' દેખો સરકાર મદીનેકે

*(તયબાહ તા.૧-૧૦-૯૨)*